પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ    વર્ષ : ૨૮    અંક : ૧૨૮  કુલ પાના : ૪    તારીખ : ૨૧-૦૧-૨૦૨૫  મગંળવાર    કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97  9712880678  panchmahalsamachar@gmail.com  panchmahalsamachar  panchmahalsamachar  www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦




# અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહમાં મોટા ઉદ્યોગપતિઓથી લઈને વિશ્વના નેતાઓ હાજરી આપશે



વોશિંગ્ટન

અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ફરી એકવાર રાષ્ટ્રપતિ બનવાની તૈયારી કરી રહ્યા છે. ટ્રમ્પના સમર્થકોમાં ઉત્સાહનું વાતાવરણ છે, જ્યારે ટ્રમ્પને પસંદ ન કરતા લોકોએ ચિંતા વ્યક્ત કરી છે. ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહે તેવી અપેક્ષા છે. આ પ્રસંગે, ટ્રમ્પ તેમના સમર્થકોને સંબોધિત કરશે અને તેમને તેમની ભવિષ્યની યોજનાઓ વિશે જણાવી શકે છે.

ટ્રમ્પના કાર્યક્રમમાં વિશ્વભરના નેતાઓ, ઉદ્યોગપતિઓ અને હસ્તીઓ હાજરી આપી રહ્યા છે. ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે અને કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. ડોનાલ્ડ ટ્રમ્પ આજે (૨૦ જાન્યુઆરી) દેશના ૪૭મા રાષ્ટ્રપતિ તરીકે પદ અને ગુપ્તતાના શપથ લેશે. આ શપથ સમારોહ ભારતીય સમય મુજબ રાત્રે ૧૦:૩૦ વાગ્યે થશે. ચાલો જાણીએ કે વિશ્વભરમાંથી કઈ પ્રખ્યાત હસ્તીઓ આ કાર્યક્રમમાં હાજરી આપવાના છે.

ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહમાં ઠના માલિક એલોન મસ્ક, એમેઝોનના માલિક જેફ બેઝોસ, મેટાના માલિક માર્ક ઝુકરબર્ગ અને ટિકટોકના માલિક શો ચ્યુ હાજરી આપી રહ્યા છે. તમને જણાવી દઈએ કે એલોન મસ્ક પણ ટ્રમ્પની ટીમનો ભાગ છે અને ચૂંટણી પ્રચારમાં પણ તેમની સાથે રહ્યા છે. આ સમારોહમાં વિશ્વના ઘણા મોટા દેશોના નેતાઓ સહિત વિશ્વના નેતાઓ હાજરી આપી રહ્યા છે. જેમાં ભારત તરફથી વિદેશ મંત્રી એસ જયશંકર, ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની, હંગેરીના વડાપ્રધાન વિક્ટર ઓર્બન, આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ જેવિયર માઈલી અને ચીનના ઉપરાષ્ટ્રપતિ હાન ઝેંગ સામેલ છે.

ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહમાં અમેરિકાના ઘણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિઓ અને ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિઓ પણ હાજરી આપી રહ્યા છે. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિઓ બિલ ક્લિન્ટન, જ્યોર્જ ડબલ્યુ સહિત. બુશ, બરાક ઓબામા, ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ, હિલેરી ક્લિન્ટન અને જો બિડેન આ સમારોહનો ભાગ બનશે.

ડોનાલ્ડ ટ્રમ્પ સત્તા સંભાળતાની સાથે જ વૈશ્વિક યુદ્ધ અંગેની તેમની નીતિમાં નાટકીય ફેરફાર કરવાની યોજના ધરાવે છે. અમેરિકાના ૪૭મા રાષ્ટ્રપતિ તરીકે, ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાની યુદ્ધ નીતિઓમાં ફેરફાર કરવા જઈ રહ્યા છે. શપથ ગ્રહણ કરતા પહેલા જ ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ થયો હતો અને શપથ ગ્રહણ કર્યા પછી, તેમનું આગામી મિશન યુક્રેનમાં યુદ્ધવિરામ લાવવાનું હશે.

અમેરિકન મીડિયાએ માહિતી આપી છે કે ટ્રમ્પ શપથ લીધા પછી તરત જ રશિયન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ફોન પર વાત કરશે. વાતચીત દ્વારા ૨૪ કલાકની અંદર યુદ્ધવિરામ લાવવાનો પ્રયાસ કરવામાં આવશે, અને યુક્રેન માટે ઈ૩૦ બિલિયનના શરતી સહાય પેકેજની પણ જાહેરાત કરવામાં આવી શકે છે.

ડોનાલ્ડ ટ્રમ્પ પદ સંભાળતાની સાથે જ, તેઓ સાઉદી અરેબિયાની રાજધાની રિયાધમાં યોજાનારી ઝેલેન્સકી અને પુતિન સાથે પ્રસ્તાવિત ત્રિપક્ષીય શિખર સંમેલન પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ પરિષદનો ઉદ્દેશ્ય યુક્રેન અને રશિયા વચ્ચે લગભગ ૩ વર્ષથી ચાલી રહેલા યુદ્ધનો અંત લાવવાનો છે. જો બિડેને યુક્રેનને વિનાશક મિસાઈલોનો ઉપયોગ કરવાની મંજૂરી આપ્યા પછી આ યુદ્ધ વધુ તીવ્ર બન્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પે તેમની ચૂંટણી રેલીઓમાં ઘણી વખત કહ્યું છે કે તેઓ શપથ લીધાના ૨૪ કલાકની અંદર આ યુદ્ધ બંધ કરી દેશે.

ટ્રમ્પ તેમના કાર્યકાળ દરમિયાન ચીનને ઘેરવાનો શ્રેષ્ઠ પ્રયાસ કરશે. તેમનું એક ધ્યાન ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં વધેલી લશ્કરી હાજરીને વધુ મજબૂત બનાવવાનું છે. તેઓ આ ક્ષેત્રમાં ફિલિપાઈન્સ નૌકાદળને વધુ સહાય પણ પૂરી પાડવાના છે. આ ઉપરાંત, તેઓ આ ક્ષેત્રમાં ઓસ્ટ્રેલિયા, જાપાન અને ફિલિપાઈન્સ સાથે સંયુક્ત નૌકાદળ કવાયત અને પેટ્રોલિંગ વધારવાનો પ્રયાસ કરશે. આ ઉપરાંત, તેમના એજન્ડામાં સંઘર્ષ રોકવા માટે શી જિનપિંગ સાથે સીધી વાતચીતનો પણ સમાવેશ થાય છે.

ઈઝરાયલ-પેલેસ્ટાઈન સંઘર્ષ પ્રત્યે ટ્રમ્પના તાજેતરના અભિગમથી એવું લાગે છે કે ઈઝરાયલની લશ્કરી કાર્યવાહી માટે અમેરિકાનો ટેકો વધુ મજબૂત બની શકે છે. આરબ વિશ્વ સાથે રાજદ્વારી તણાવની શક્યતાને ધ્યાનમાં રાખીને, તે મધ્ય પૂર્વમાં પોતાની લશ્કરી હાજરીને વધુ મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

આ ઉપરાંત, તે ઈરાન સામે કડક કાર્યવાહી કરવા માટે પણ પગલાં લઈ શકે છે અને પરમાણુ કાર્યક્રમ પરના પ્રતિબંધોને વધુ મજબૂતીથી લાગુ કરશે.ડોનાલ્ડ ટ્રમ્પે મેક અમેરિકા ગ્રેટ અગેન વિજય રેલીમાં તેમના સમર્થકોને સંબોધિત કર્યા હતા. આ દરમિયાન ટ્રમ્પે કહ્યું કે અમે અમારી શાળાઓમાં દેશભક્તિ પુનઃસ્થાપિત કરવા જઈ રહ્યા છીએ. ઉપરાંત, અમે અમારી સેના અને સરકારમાંથી કટ્ટરપંથી ડાબેરી વિચારધારાઓને દૂર કરીશું. અમે અમેરિકાને ફરીથી મહાન બનાવવા માટે આ કરીશું.ટ્રમ્પે તેમના સમર્થકોને કહ્યું કે આજે બપોરે અમેરિકન પતનના ચાર લાંબા વર્ષોનો પડદો પડી જશે, અને આપણે અમેરિકન તાકાત અને સમૃદ્ધિ, ગૌરવ અને ગૌરવનો એક નવો દિવસ શરૂ કરીશું. તેમણે કહ્યું કે અમે ફક્ત જનાદેશ જ જીત્યો નથી પરંતુ અમે એક નવી અમેરિકન બહુમતી બનાવી છે જે આવનારી પેઢીઓ માટે આપણા દેશને સફળતા તરફ દોરી જશે.

## કોળી ઠાકોર સેના દ્વારા ૨૫મી તારીખે ગુજરાત બંધનું એલાન આપવામાં આવશે

રાજકોટ

રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના વિંછીયા ખાતે પથ્થરમારાની ઘટનામાં પોલીસે કેટલાક યુવાનોની ધરપકડ કર્યા બાદ મામલો વધુ જટિલ બન્યો છે. કોળી ઠાકોર સેના દ્વારા અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે. આ અલ્ટીમેટમ મુજબ, જો પાંચ દિવસમાં જવાબદાર પોલીસકર્મીઓ સામે યોગ્ય કાર્યવાહી નહીં થાય, તો ૨૫મી તારીખે ગુજરાત બંધનું એલાન આપવામાં આવશે.

રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના વિંછીયા ગામમાં ઘનશ્યામ રાજપરા નામના સ્થાનિક યુવાનની હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં આરોપીની ધરપકડ કર્યા બાદ પોલીસે ઘટનાસ્થળનું રિકન્સટ્રક્શન કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી હતી. દરમિયાન અસામાજિક તત્વોના ટોળાએ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. ટોળાને વિખેરવા માટે પોલીસે ટીયર ગેસના સેલ છોડવા પડ્યા હતા. પોલીસે ૮૪ કોળી યુવાનોની ધરપકડ પણ કરી હતી, પરિણામે મામલો વધુ બિચક્યો હતો. અનુસંધાને કોળી-ઠાકોર સમાજના આગેવાનો દ્વારા પોલીસને અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે.ગુજરાત કોળી ઠાકોર સેનાના પ્રમુખ જયેશ ઠાકોરે પોલીસ પર આરોપ મૂક્યો હતો કે પોલીસે કોળી સમુદાયના ૮૪ લોકોને ખોટી રીતે ફસાવ્યા છે. પોલીસે ખોટી રીતે તેમના પર લાઠીચાર્જ કર્યો છે અને ઢોર માર માર્યો છે. જયેશ ઠાકોરે અલ્ટીમેટમ આપતા જણાવ્યું કે, જો જવાબદાર પોલીસકર્મીઓને ૫ દિવસમાં સસ્પેન્ડ કરવામાં નહીં આવે તો ૨૫ જાન્યુઆરીએ ગુજરાત બંધનું એલાન કરી વિરોધ કરવામાં આવશે.

## ભુજના વિન્ટર ફેસ્ટિવલમાં કચ્છની કલાને જોવા ઉમટ્યાં વિદેશી પ્રવાસીઓ

ભુજ

ભુજ તાલુકાના અજરખપુરની ભાગોળે આવેલા શ્રુજન-ન્ઢઝ ખાતે શરૂ થયેલા પાંચ દિવસીય વિન્ટર ફેસ્ટિવલના પહેલા દિવસે કચ્છ, ઓડીશાના કલાકારોએ ધૂમ મચાવી હતી. લોકોએ ઓડીશા અને કચ્છની ૧૦૦થી વધુ કલાકારો અને કારીગરીઓએ ભાગ લીધો છે. આ કલાકારી જોવા ખાસ વિદેશી પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી. તો સાથે જ કચ્છના સાંસદ વિનોદ ચાવડા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.રાત્રે કચ્છી ગીત અને નૃત્યની ધમાલ રજૂ કરાઈ હતી. ઓડીશા ગ્રુપ અને કલાવારસોના કલાકારો દ્વારા પ્રસ્તુત ફ્યુઝન સંગીતે વિવિધતામાં એકતાની વાત અનોખી ભાષામાં રજૂ કરી હતી.



કચ્છ અને ઓડીશાની ભાતીગળ કળા, નૃત્ય અને સંગીતથી સભર એવો આ વિન્ટર ફેસ્ટિવલ, જાહેર જનતા માટે સવારે ૧૧થી રાત્રિના ૧૦ વાગ્યા સુધી ખુલ્લો રહેશે. જેમાં રોજેરોજ વિવિધ ગીત-સંગીત અને નૃત્યની પ્રસ્તુતિ કરવામાં આવશે. ઉપરાંત, બંને પ્રદેશની વિવિધ પરંપરાગત વાનગીઓનો આસ્વાદ માણવાની પણ વ્યવસ્થા ઊભી કરાઈ છે. કલાપ્રેમીઓ માટે વિશેષ આકર્ષણ એવી કચ્છનાં ભરતકામની કલાને અભિવ્યક્ત કરતી મ્યુઝિયમ ગેલેરીઓ ઉપરાંત અજરખ શો સહિત ગેલેરી ફેસ્ટિવલને એક નવો આયામ આપશે.

કચ્છની કલાપ્રેમી જનતાએ પ્રથમ દિવસથી જ, વિન્ટર ફેસ્ટિવલને વધાવી લીધો અને બહોળી સંખ્યામાં હાજરી આપી હતી. શનિવારે રાત્રે કલાવારસાના કલાકારોની પ્રસ્તુતિ અને ઓડીશાના ગ્રૂપ સાથે કચ્છના કલાકારોએ સૂર પુરવ્યા હતા.

## મહાકુંભમાં ૩૦ લાખ જેટલા ગુજરાતી શ્રદ્ધાળુઓ શાહી સ્નાનનો લાભ લઈ ચૂક્યા છે



ગાંધીનગર

મહાકુંભમાં શાહી સ્નાનનો લાભ લગભગ ત્રીસ લાખ ગુજરાતી ભક્તોએ લીધો હતો. આ અંગે સેક્ટર-૨૦ સ્થિત નિરંજની અખાડાના સાધુ હર્ષવર્ધન ગિરીએ કહ્યું, 'અહીં, દરેક ચોથા ભક્તમાંથી એક ગુજરાતી છે. ગુજરાતના લોકો, ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છના લોકો અહીં મોટી સંખ્યામાં આવ્યા છે. પ્રયાગ માટે સીધી ફ્લાઈટ્સ અને ખાસ ટ્રેનોએ ગુજરાતના ભક્તોની સુવિધામાં વધારો કર્યો છે.

જ્યારે શાહી સ્નાન થયું ત્યારે એક જ દિવસમાં લગભગ ત્રણ કરોડ લોકોએ કુંભ સ્નાનનો લાભ લીધો હતો. જોકે, સમગ્ર નદી કિનારો ૪૮ કિલોમીટર લાંબો હોવાથી, કોઈપણ ભક્ત ગમે ત્યાં કુંભ સ્નાન કરી શકે છે. હાલમાં વેરાવળથી શરૂ થયેલી પ્રયાગરાજ સ્પેશિયલ ટ્રેનમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ કુંભ તરફ જઈ રહ્યા છે. આ વખતે ઉત્તર પ્રદેશ સરકાર વધુ સક્રિય બની છે અને મહાકુંભ માટે વ્યવસ્થા કરી છે. ઘણા સાધુઓ, યાત્રાળુઓ આ રોગથી પીડાતા હતા

જોકે, અહીંના કેટલાક સાધુઓએ શાહી સ્નાન ઉપરાંત નિયમિત ગંગા સ્નાન માટે કેટલીક ચેતવણીઓ આપી છે, જેમાં અહીં આવેલા એક ગંગાગિરિ સાધુએ કહ્યું હતું કે, 'સવારે લોકોને પોતાના કપડાં પહેરીને સ્નાન કરવું પડે છે અને પોતાના સ્થાન સુધી પહોંચવા માટે પાંચથી સાત કિલોમીટર ચાલીને જવું પડે છે.' આનું કારણ એ છે કે કપડાં બદલવાની જગ્યા નથી, આવી સ્થિતિમાં સ્વસ્થ વ્યક્તિ પણ બીમાર પડી જાય છે. સવારની ઠંડી, ધુમ્મસ અને નદીનું બર્ફીલું પાણી શરીરનું તાપમાન બગાડે છે. જેના કારણે ઘણા સંતો અને યાત્રાળુઓને બીમારીનો ભોગ બનવું પડ્યું.

ઉત્તર પ્રદેશ સરકારે દરેક ક્ષેત્રમાં મેડિકલ વાન અને એમ્બ્યુલન્સ પૂરી પાડી છે, તેથી આ સુવિધા ત્યાં ઉપલબ્ધ છે. જોકે, જો તમને ક્યાંક કોઈ દર્દીને હાર્ટ એટેક આવ્યો હોવાના સમાચાર મળે, તો તબીબી ઈતિહાસ ધરાવતા લોકોએ સાવચેત રહેવું જોઈએ. આ કારણોસર, પ્રયાગરાજની હોસ્પિટલમાં પણ ઘણી ભીડ છે. હાલમાં ભીડ ઓછી છે, પરંતુ ૨૯ જાન્યુઆરીએ જ્યારે શાહી સ્નાનને કારણે ફરીથી ભીડ ભેગી થશે, ત્યારે દરેક વ્યક્તિએ પોતાની સુવિધા, સ્વાસ્થ્ય અને ક્ષમતાનું ધ્યાન રાખવું જોઈએ.

## ગણતરીના કલાકોમાં ગુજરાતના હવામાનમાં જોરદાર પલટાના સંકેત



અમદાવાદ

આગામી દિવસોમાં ગુજરાતના હવામાનમાં મોટો પલટો જોવા મળી શકે છે. આગાહીકાર અંબાલાલ પટેલે ભારે ઠંડી સાથે માવઠાની પણ આગાહી કરી છે. જેથી કરીને ગુજરાતીઓ હવે ભર શિયાળામાં વરસાદની થપાટ માટે પણ તૈયાર રહેજો. જાણો કયા વિસ્તારોમાં કયારે વરસાદ વરસી શકે છે.

આગાહીકાર અંબાલાલ પટેલે આગાહી કરતા જણાવ્યું કે ઠંડીમાં બે દિવસ ઘટાડો થશે. ૨૨-૨૩ જાન્યુઆરીથી દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં હિમ વર્ષાની સંભાવના રહેલી છે. જેના કારણે ૨૨-૨૩ જાન્યુઆરીએ ગુજરાતમાં ઠંડી વધશે.

અંબાલાલ પટેલે વધુમાં કહ્યું કે, ૨૪-૨૫ જાન્યુઆરીએ દક્ષિણ ભારતમાં વરસાદ થતા તેની અસર સ્વરૂપે પશ્ચિમ ભારતમાં વાદળો આવવાની શક્યતા છે. દક્ષિણ ગુજરાતમાં વાદળછાયું વાતાવરણ રહેશે.

આગાહી મુજબ આગામી ૨૭ થી ૩૦ જાન્યુઆરી દરમિયાન મજબૂત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવે તેવી શક્યતા છે જેના કારણે રાજ્યમાં માવઠાની શક્યતા પણ રહેલી છે. દક્ષિણ - પૂર્વ અને ઉત્તર ગુજરાતમાં વરસાદી છાંટા પડી શકે છે.

અંબાલાલની આગાહી મુજબ ફેબ્રુઆરીની શરૂઆતમાં પણ હવામાનમાં પલટો આવી શકે છે. ૭ થી ૯ ફેબ્રુઆરીમાં વાદળવાયું આવી શકે. એટલે કે વાદળા આવી શકે છે.

બીજી બાજુ રાજ્ય હવામાન વિભાગના જણાવ્યાં મુજબ મંગળવારથી ઠંડીમાં વધારો થવાની શક્યતા છે. અમદાવાદમાં છેલ્લા બે દિવસમાં લઘુત્તમ તાપમાનમાં ૪ ડિગ્રીનો વધારો જોવા મળ્યો છે. જેને કારણે ડબલ સિઝન પણ અનુભવાઈ રહી છે.લઘુત્તમ તાપમાન ૫.૬ ડિગ્રી વધીને ૧૭.૫ નોંધાયું હતું. તાપમાન વધ્યું પરંતુ ઠંડા વાયરાના કારણે ઠંડીનો ચમકારો પણ જોવા મળી રહ્યો છે. હાલના સમયમાં તો રાજ્યમાં મોટા ભાગના શહેરોમાં ઠંડીનું પ્રમાણ ઘટતા લોકોને રાહત મળી છે. પરંતુ હવે ઠંડી વધવાની શક્યતા છે.

**જાહેર નોટીસ**

**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા.**

**અરજદારઃ- પરમાર જશવંતસિંહ રણછોડસિંહ, રહે.બોડીદ્રા ખૂર્દ, તા.શહેરા, જી.પંચમહાલ**

**વિરૂદ્ધ**

**સામાવાળાઃ- તલાટી કમ મંત્રીશ્રી, બોડીદ્રા ખૂર્દ, તા.શહેરા, જિ.પંચમહાલ.**

આથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રી નામે પરમાર જશવંતસિંહ રણછોડસિંહનો તા.૦૧/૧૧/૧૯૭૦ ના રોજ મોજે.બોડીદ્રા ખૂર્દ, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે જન્મ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારશ્રીના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૨૫/૨૦૨૫ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન- ૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.આજ તા. ૨૦, માહેઃ-જાન્યુઆરી, સને ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
મામલતદાર
અને
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

**જાહેર નોટીસ**

**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા.**

**અરજદારઃ- પગી જીવીબેન અમરાભાઈ,રહે.ઝોઝ, તા.શહેરા,જી.પંચમહાલ.**

**વિરૂદ્ધ**

**સામાવાળાઃ- તલાટી કમ મંત્રીશ્રી, ઝોઝ,તા.શહેરા,જી.પંચમહાલ.**

આથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના પુત્ર નામે પગી નટવરભાઈ અમરાભાઈનું તા.૧૨/૦૬/૨૦૧૯ તથા પુત્ર નામે પગી વજાભાઈ અમરાભાઈનું તા.૧૩/૦૫/૨૦૧૫ ના રોજ મોજે.ઝોઝ, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે જન્મ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે પુત્રોના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૩૨૯/૨૦૨૪ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.આજ તા. ૧૬, માહેઃ-જાન્યુઆરી, સને ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
મામલતદાર
અને
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શહેરા



## નિમણૂંક

છોટાઉદેપુર ખાતે ગોધરાથી પ્રસિદ્ધ થતાં પંચમહાલ સમાચાર (દૈનિક) અખબારમાં શેખ મુઝફર અહેમદની પત્રકાર તરીકે નિમણૂંક કરવામાં આવી છે. પંચમહાલ સમાચારમાં જાહેરાત અને સમાચાર માટે સંપર્ક કરો, મો. નં. ૮૧૪૦૭૮૭૦૮૩

પંચમહાલ સમાચાર

# લુણાવાડા ખાતે આવેલી નહેરુ નિશા મસ્જિદ ઉપર સાત જેટલા ભુંગળા રાખતા અને વધુ લાઉડ સ્પીકરથી વગાડતા પોલીસની કાર્યવાહી

લુણાવાડા ખાતે ડી.જે./ લાઉડ સ્પીકર થી થતા નોઈઝ પોલ્યુશન ની જાહેર જનતા દ્વારા થતી ફરીયાદ બાબતે કામગીરી હાથ ધરવામાં આવેલ જેમાં લુણાવાડા ટાઉન ખાતે આવેલ મસ્જીદ–એ–મેહરૂનીસામાં લગાવેલ એક કરતા વધુ લાઉડ સ્પીકરના અવાજના કારણે આજુબાજુના રહેણાંક વિસ્તાર તથા હોસ્પીટલોમાં સતત ખલેલ પહોચતી અને જાહેર જનતામાં હેરાનગતી થતી હતી ઉપરાંત મસ્જીદના આગેવાનોને છેલ્લા એક વર્ષથી પોલીસ દ્વારા મીટીંગ રાખી લાઉડ સ્પીકરનો વોલ્યુમ ઓછો કરવા સતત સુચના આપવામાં આવેલ આમ છતા મસ્જીદમાં લગાવેલ સ્પીકરનો અવાજ નક્કી કરેલા ધારા ધોરણ કરતા સતત વધુ ડેસીબલમાં રહેતો હોય અને જાહેર જનતાની સતત રજુઆતના કારણે આજરોજ જીલ્લા પોલીસ દ્વારા નામદાર સુપ્રિમ કોર્ટની ગાઈડ લાઈન, તથા નોઈઝ પોલ્યુશન રુલ્સ તથા કલેક્ટર શ્રી મહીસાગરનાઓના જાહેરનામાં અન્વયે આ મસ્જીદમાં લગાડેલ લાઉડ સ્પીકરને મસ્જીદ પરથી ઉતારી જાહેરનામાં ભંગની કાર્યવાહી કરવામાં આવેલ છે.આથી વધુમાં જાહેર જનતાને સુચીત કરવામાં આવે છેકેડી.જે./લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં નોઈઝ પોલ્યુશન રુલ્સ મુજબના નિયમોનુ પાલન નહી કરવામાં આવે તો જીલ્લા પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી ચાલુ રહેશે.




# છોટાઉદેપુર પોલીસ સ્ટેશન રંગપુર નાકા રોડ ઉપરથી પાવડરની આડમાં આઈસર ગાડીમાંથી કિં.રૂ.૩,૯૧,૦૦૦/- નવિદેશી દારૂ ઝડપી પાડતી છોટાઉદેપુર લોકલ ક્રાઈમ બ્રાન્ચ

પોલીસ ઈન્સ્પેકટર એલ.સી.બી છોટાઉદેપુરનાઓ એલ.સી.બી સ્ટાફના પોલીસ માણસો ને સુચના આપેલ જે અન્વયે એલ.સી.બી સ્ટાફના પોલીસ માણસો છોટાઉદેપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ રાઉન્ડ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ખાનગી રાહે બાતમી છે હકીકત મળેલ કે એક વાદળી કલરની આઈસર ગાડી આર નંબર.રજી.ઓ.ટી.GJ–૦૬–YY–૭૬૧૨ નીમાં ડોલોમાઈટ પાવડરની આડમાં સંતાડી ભારતીય બનાવટનો વગર પરમીટે વિદેશી દારુ ભરીને સુરખેડાથી થી છોટાઉદેપુર થઈને તેજગઢ બાજુ જનાર છે વિગેરે મતલબની બાતમી હકીકત મળતાં રંગપુર નાકા વોચમાં ગોઠવાઈ ગયેલ થોડા સમય બાદ વર્ણનવાળી આઈસર ગાડી આવતા તેને રોકવા હાથ વડે ઈશારો કરતા તેને પોતાના કબ્જાની ગાડી થોડે દુર જઈને ઉભી રાખે તેના ચાલકને નિચે ઉતારી ઈસમનું નામઠામ પુછતા તેણે પોતાનું નામ કુવરસિંગ લક્ષ્મણભાઈ રાઠવા ઉ.વ.૩૨ રહે.કટારવાંટ બારીયા ફળીયુ તા.જી.છોટાઉદેપુર નાઓ હોવાનુ જણાવેલ જેથી સદર ગાડીમાં જોતાં તેમાં ડોલોમાઈટ પાવડરની આડમાં છે ભારતીય બનાવટનો વિદેશી દારુની બિયર,કવાર્ટરીયા, કાચની ખાખી પુઠાની પેટીઓ ભરેલ મળી આવેલ.જેથી આઈસર ગાડીમાં વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટના વિદેશી દારૂ બિયર, કવાર્ટરીયા મળી કુલ બોટલો નંગ–૨૭૮૦ કિં.રૂ.૩,૯૧,૦૦૦/ –તથા પ્રોહી મુદામાલની હેરાફેરી કરવામાં ઉપયોગમાં લિધેલ તથા આઈસરની કિંમત રૂ.૧૦,૦૦,૦૦૦/– ને પકડી પાડેલ.






# એ.આર.ટી.ઓ કચેરી લુણાવાડા ખાતે અરજદારોને શેરી નાટક દ્વારા રોડ સેફ્ટી વિશે સમજ આપી પેમ્પલેટ વિતરણ કર્યું




મહીસાગર,

રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ સુધી યોજનાર છે જેમાં આરટીઓ તથા પોલીસ દ્વારા વિવિધ અવેરનેસ કાર્યક્રમ જેવા કે શાળા કોલેજોમાં સેમિનાર, ચિત્ર સ્પર્ધા, રોડ સેફ્ટી સ્લોગન સાથે પતંગ વિતરણ તથા વિવિધ તાલુકાઓમાં રોડ સેફ્ટી ડ્રાઈવ, ભારે વાહનોમાં રેડિયમ રેડિયમ રિફ્લેકટર, શેરી નાટકો રોડ, રોડ સેફ્ટી પેમ્પ્લેટ વિતરણ, એન્જિનિયરિંગમાં જરૂરી સુધારાઓ જેવા પ્રોગ્રામ કરવામાં આવનાર છે.જે અંતર્ગત આજ રોજ એઆરટીઓ મહિસાગર દ્વારા એઆરટીઓ કચેરી લુણાવાડા ખાતે ડ્રાઈવિંગ ટેસ્ટ, લાયસન્સ તથા વાહનોના કામ માટે આવેલા અરજદારોને શેરી નાટકના અનોખા રમુજી અંદાજમાં રોડ સેફ્ટી વિશે સમજ આપી અને રોડ સેફ્ટી પેમ્પલેટ વિતરણ કર્યું

# સાંસદ દેવુસિંહ ચૌહાણે મહેમદાવાદના છાપરા ગામ સ્થિત ટિસ્યુ કલ્ચર લેબની મુલાકાત લઈ લેબકાર્ય પદ્ધતિનું નિરીક્ષણ કર્યુ



ખેડા,

ખેડા સાંસદ દેવુસિંહ ચૌહાણે મહેમદાવાદના છાપરા ગામે આવેલ એબીસી બાયોટેકનોલોજી પ્રા. લી. ટિસ્યુ કલ્ચર લેબની મુલાકાત લઈ લેબની કાર્ય પદ્ધતિનુ નિરીક્ષણ કર્યુ હતુ. સારી જાતના એક માતૃ છોડમાંથી કેવી રીતે હજારો સમાન છોડ બનાવવામાં આવે છે અને ટિસ્યુકલ્ચર પદ્ધતિથી કઈ રીતે વધુ ઉત્પાદન મળે છે તેની માહિતી સાંસદએ મેળવી. સાથે જ તેમણે બાગાયતી ખેતી દ્વારા નાના અને સીમાંત ખેડુતો કઈ રીતે વધુ સારુ ઉત્પાદન મેળવી શકે એ બાબતે ચર્ચા કરી ખેતીના વિકાસમાં સહિયારા પ્રયાસો કરવા જણાવ્યુ હતુ.નોંધનીય છે કે ટિસ્યુ કલ્ચર લેબ દ્વારા કેળા, ગીલોડા, દાડમ, બ્લ્યુ બેરી, લીંબુ, અંજીર જેવા ફળ પાકોનું ઉત્પાદન કરવામાં આવે છે. આ પ્રસંગે નાયબ બાગાયત નિયામક ડો. સ્મિતા પિલ્લાઈ સહિત બાગાયત કચેરીના અન્ય અધિકારઓ અને અઈઈ બાયોટેકનોલોજી પ્રા. લી. પ્રોપરાઈટર મિહિરભાઈ પંડ્યા હાજર રહ્યા હતા.

# છોટાઉદેપુરના નોલેજ ડેમ ભર શિયાળે ખાલીખમ : ખેડુતોને રડવાાનો વારો

છોટાઉદેપુર,

છોટાઉદેપુર તાલુકામાં આવેલ નોલેજ ડેમ ભર શિયાળે ખાલી થઈ ગયો છે. હાલમાં છલોછલ ભરેલા તળાવને સ્થાને નહિવત માત્રામાં પાણી જોવા મળી રહ્યુ છે. તાલુકાના ઓલીઆંબા અને નોલેજ ગામને સિંચાઈનુ પાણી પુરૂ પાડતો નોલેજ ડેમ તંત્રની ઘોર બેદરકારીના કારણે હાલ ખાલી જોવા મળી રહ્યો છે. આવનારા ઉનાળાના ખેડુતોને માથે હાથ મુકીને રોવાનો વારો આવે તો નવાઈ નહિ.

નોલેજ ડેમમાં મુખ્ય આરસીસી કુવો બનાવવાની કામગીરી કરવાની હતી. જે કામગીરી ૨૦૨૪માં જુન માસમાં શરૂ કરવામાં આવી હતી. જે કામગીરી દરમિયાન ચોમાસુ બેસી જતાં કામગીરી ચાલુ હોવાને કારણે પાણીનો સંગ્રહ થઈ શકયો નથી. અને ચોમાસા દરમિયાન જે પાણી ભરાવુ જોઈએ તે ભરાયુ નથી. જેના કારણે ડેમ પુરો ખાલી જોવા મળી રહ્યો છે. આને તંત્રની બેદરકારી ના કહેવાય તો બીજુ શુ કહેવાય...? શુ ખેતરે ખેતરે ખેડુતોને પાણી આપવા તંત્ર જશે કે કેમ...?આ ખાલી થઈ ગયેલા ડેમના કારણે સ્થાનિક પ્રજામાં ભારે ચિંતા તથા રોષ ફેલાયેલો જોવા મળી રહ્યો છે. અત્રે ઉલ્લેખનિય છે કે, વર્ષો જુનો નોલેજ ડેમમાં કુવાની સાથે ડેમમાં જુના જમાનાની નાની પાઈપને બદલે મોટી પાઈપો નાંખવાની હતી. તેની કામગીરી કરવામાં આવી હતી. જયારે કેનાલના કુવા જુના જમાનાના પથ્થર ના હોય તો લીકેજ થતાં હતા અને તેને નવા બનાવવાની કામગીરી હજુ બાકી છે. કેનાલમાં સળિયા નાંખી આરસીસી કામ બાકી સાથે ડેમની સાઈડની દિવાલ ઉપર જે પથ્થર બેસાડવાના હોય તેની ઉપર આરસીસી કામ કરી પિચિંગ કરવાનુ હોય તે કામગીરી હજુ બાકી જ છે.

# ખેડા તાલુકાના સાંખેજ ગામના યુવા ખેડૂતે પ્રાકૃતિક ખેતી પદ્ધતિ કર્યું સ્ટ્રોબેરી, તરબૂચ અને ટેટીનું વાવેતર



ખેડા,

ખેડા તાલુકાના સાંખેજ ગામના વતની શ્રી શિવમ હરેશભાઈ પટેલે પ્રાકૃતિક ખેતી થી બાગાયતી પાકોમા સ્ટ્રોબેરી, તરબૂચ અને ટેટીનું વાવેતર કર્યું છે. બી.ઈ મિકેનિકલ અભ્યાસ કરેલ ૩૨ વર્ષના શ્રી શિવમ પટેલ પહેલા રાસાયણિક ખાતર આધારિત ખેતી કરતા હતા. પરંતુ વર્ષ ૨૦૧૯માં સુભાષ પાલેલકર શિબિરમાં પ્રાકૃતિક ખેતી માટેની પ્રેરણા મેળવી આજે તેઓ ૦૭ વર્ષોથી પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે.

ગત સિઝનમાં પણ તેમણે પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી તરબૂચ અને ટેટીનું વાવેતર કર્યું હતું જેમાં તેમને અંદાજિત સાત થી આઠ લાખ રુપિયાની આવક થઈ હતી. આ સિઝનમાં તેમણે બે વીઘામાં સ્ટ્રોબેરી અને આઠ વીઘામાં તરબૂચ અને ટેટીનું પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી વાવેતર કર્યું છે. શિવમ પટેલને ખેતીમાં મદદરૂપ થવા બાગાયત ખાતા તરફથી મલચિંગ ખરીદવા તથા સ્ટ્રોબેરી પાકમાં સહાય માટેની મંજૂરી પણ આપવામાં આવેલ છે.આવનાર સમયમાં શિવમભાઈ પટેલ પોતાના ખેતરમાં જંગલ મૉડેલ ફાર્મ ઊભું કરવા માંગે છે. જેના માટે તેઓ દેશી ગાયની ખરીદી પણ કરવાનું આયોજન ધરાવે છે. હાલમાં તેઓ ગૌશાળામાંથી જીવમૃત લાવી પોતાની ખેતીમાં ઉપયોગ કરે છે. શ્રી શિવમ પટેલ જણાવે છે કે સશક્ત અને સક્ષમ ભારત બનાવવાના સરકારના સંકલ્પમાં ઝેર મુક્ત ખેતી ખૂબ જ અનિવાર્ય હોવાથી આજે યુવાનોએ આગળ આવીને પ્રાકૃતિક કૃષિ અપનાવવી પડશે.

# મહીસાગર જિલ્લાના સંતરામપુર ખાતે શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરના અધ્યક્ષ સ્થાને મહિલા સહાયતા અને તાલીમ કેન્દ્રની ઉદ્દઘાટન કાર્યક્રમ યોજાયો

મહીસાગર,

મહીસાગર જિલ્લા વહીવટી તંત્ર અને સોસાયટી ફોર વીમેન્સ એકશન એન્ડ ટ્રેનિંગ ઈનિશિએટિવ સ્વાતિના સંયુક્ત ઉપક્રમે સંતરામપુર ટાઉન હોલ ખાતે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડિંડોરના અધ્યક્ષ સ્થાને મહિલા સહાયતા અને તાલીમ કેન્દ્રની ઉદ્દઘાટન કાર્યક્રમ યોજાયો. મહિલા સહાયતા અને તાલીમ કેન્દ્ર થકી કાનૂની સલાહ, સહાયતા, યોજનાઓ, તાલીમ અને અન્ય સેવાઓમાં મદદ આપવામાં આવશે.



આ પ્રસંગે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોરે જણાવ્યું હતું કે, મહિલા, કિશોરી શિક્ષિત બને, સ્વસ્થ બને,સશક્ત બને તે માટે મહિલા સહાયતા અને તાલીમ કેન્દ્ર ખૂબ ઉપયોગી નીવડશે. વડાપ્રધાન નરેન્દભાઈ મોદીએ બેટી બચાવો, બેટી પઢાવો સૂત્ર આપી અનેકવિધ યોજના થકી દીકરીઓને પગભર કર્યા છે. મહિલાઓને જમીન અને મકાન આપવાનું કામ વધપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, સરકાર દ્વારા ધાત્રીમાતા, સગર્ભા માતા, પોષણયુકત આહાર, નમો લક્ષ્મી યોજના અને નમો સરસ્વતી યોજના સહાય આપી મહિલાઓનું જીવનધોરણ ઊચું આવ્યું છે સાથે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી થકી ડ્રોપ આઉટ રેશિયો ઘટ્યો છે. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઈ પટેલે જણાવ્યું હતું કે, મહિલાઓના ઉત્થાન માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અનેક યોજનાઓ અમલમાં મૂકી છે અને મહિલાઓ દરેક ક્ષેત્રમાં આગળ વધી રહી છે સાથે દરેક મહિલાઓ યોજનાનો લાભ લઈ સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાનો લાભ લેવા અપીલ કરી હતી. શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોર અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વ્હાલી દીકરી યોજના અંતર્ગત મંજૂરી હુકમ પત્રો એનાયત કરાયા હતા અને કાર્યક્રમાં સ્વાતિ ડાયરેક્ટર પૂનમ કથુરિયાએ સ્વાતિ પરિચય, તેનો સહયોગ અને નવી પહેલના લક્ષ્યો અને સેવાઓ વિશે બહેનોને માહિતગાર કર્યા હતા. કાર્યક્રમાં જિલ્લા કલેક્ટર શ્રીમતી નેહા કુમારી, જિલ્લા વિકાસ અધિકારી, સી એલ પટેલ, નિવાસી અધિક કલેક્ટરશ્રી સી વી લટા, તાલુકા પંચાયત પ્રમુખ હરેશભાઈ વળવાઈ. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક ચંદ્રિકાબેન ભાભોર, સંતરામપુર પ્રાંત અધિકારી એસ જે ભરવાડ, મામલતદાર આઈ પી પઠાણ સહિત સંબંધિત અધિકારીઓ અને મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# ખાનપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં કૂતરાઓનો કાળો કહેર લોકોમાં ભયનો માહોલ

ખાનપુર,

ખાનપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં કૂતરાઓના કહેરથી લોકો ભયનો માહોલ ફેલાયો છે.ખાનપુર તાલુકામાં આવેલ સીમનનાડા,ઝેર ઘોઘાવાડા, તેમજ વાવકૂવા જેવા ગામોમાં કૂતરાએ બચકાં ભર્યાં ના એક દિવસ માં ૬ થી વધુ કેસ બન્યા છે. જેમાં ઘરકામ કરતી મહિલા ને શાળાએ જતાં બાળકોને હડકાયા કૂતરાએ શિકાર બનાવ્યા છે.ખાનપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારના ખેતરોમાં ખેતી કામ કરી રહેલી મહિલા ને પગે ને શરીરના પાછળના ભાગે બચકા ભરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી બીજી તરફ બાળકો ને હાથ પગમાં બચકાં ભરી લેતા નાની મોટી ઈજાઓ થઇ હતી તાલુકાના વાવકૂવા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ ૫ માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની હેતલ રામાભાઈ ડામોર , અને શિલ્પા મહેન્દ્રભાઈ તાભિયાડ , આંબલીગાટી ના પિયુષ હરીશભાઈ મછાર ,ઘોઘાવાડાના સર્મિષ્ટા પર્વતભાઈ તાભિયાર સહિત પાંચ લોકો કૂતરાનો શિકાર બન્યા હતા આ તમામ ને જીલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે આવેલ સરકારી હોસ્પિટલમાં લઈ જવાયા હતા હોસ્પિટલમાં ગયા બાદ પરિવારને કૂતરાની રસી ન હોવાનું હોસ્પિટલ ના ડોકટર દ્વારા જણાવતા પરિવારજનો ગભરાયા હતા જોકે ત્યાર બાદ હોસ્પિટલ દ્વારા પરિવારને સારવાર માટે ગોધરા ખાતે આવેલ જનરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા ત્યાં તેમને હડકવાની રસી આપી સારવાર કરાઈ હતી.

# પ્રજાસત્તાક પર્વની જિલ્લાકક્ષાની ઉજવણીના આયોજન અંગે જિલ્લા કલેક્ટર આશિષકુમારના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

ગોધરા,

આગામી ૨૬મી જાન્યુઆરી રાષ્ટ્રીય પર્વની જિલ્લાકક્ષાની ઉજવણીના આયોજન અંગે પંચમહાલ જિલ્લા કલેકટર આશિષકુમારના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી, ગોધરાના સભાખંડ ખાતે બેઠક યોજાઈ હતી. બેઠકમાં ૨૬ જાન્યુઆરી, પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી શહેરા તાલુકામાં રેણા–મોરવા રોડ, અણીયાદ ચોકડી પાસેના કેશવ ગ્રાઉન્ડ ખાતે કરાશે. આ ઉજવણી ગૌરવપૂર્ણ રીતે થાયતે માટે જિલ્લા કલેકટરએ સંબંધિત અધિકારીઓને જરૂરી સુચનો અને માર્ગદર્શન આપ્યું હતું.

શહેરા ખાતે યોજાનાર જિલ્લાકક્ષાના દવજવંદન સમારોહમાં પોલિસ વિભાગના જવાનોની પ્લાટુનની પરેડ યોજાવાની સાથે વિવિધ વિભાગોના ટેબ્લો, શાળાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તૂતી કરવામાં આવશે. તેમજ જિલ્લામાં વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર વ્યકિતઓ/કર્મયોગીઓને મહાનુભાવોના હસ્તે સન્માનિત કરવામાં આવશે.ઉપરાંત સરકારી કચેરીઓને રોશનીથી શણગારવાના આયોજન સાથે દેશભકિતના ગીતો સહિત સાંસ્કૃતિક કાર્યક્રમો જેવા કાર્યક્રમ હાથ ધરાશે.આ બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી,નિવાસી અધિક કલેક્ટર એમ.ડી.દેસાઈ, પ્રાંત અધિકારી, નગરપાલિકા ચીફ ઓફિસર સહિત વિવિધ કચેરીઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# પંચમહાલ જિલ્લા પુરવઠા અધિકારી એચ.ટી.મકવાણાની ચોટીલા ખાતે બદલી થતાં બે નંબરીયાઓમાં ખુશી

ગોધરા,

પંચમહાલ જિલ્લા પુરવઠા અધિકારી એચ.ટી.મકવાણાની ચોટીલા ખાતે બદલી કરવામાં આવી છે. જિલ્લામાં જરૂરિયાતમંદ અને ગ્રામ્ય વિસ્તારના લોકો માટે તેમની બદલીથી કર્મનિષ્ટ અધિકારીના જવાનો રંજ છે. જયારે બીજી તરફ બે નંબરીયાઓમાં આનંદ સાથે રાહત અનુભવી રહ્યા છે.

પંચમહાલ જિલ્લામાં સરકારી સસ્તા અનાજની દુકાનો તથા જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના કાળો બજાર કરતા સંચાલકોથી લઈને ગોધરા મામલતદાર કચેરીમાં સ્ટેમ્પ વેન્ડરો દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતા અરજદારો પાસેથી કરાતી આડેધડ લુંટને રોકવા માટે વેશ પલ્ટો કરીને કાર્યવાહી કરીને લોકોના દિલ જીતી લીધા હતા. પંચમહાલ જિલ્લાના પુરવઠા વિભાગમાં પુરવઠા અધિકારી તરીકેની ફરજ દરમિયાના ગાળામાં કર્મનિસ્ટપણે સરકારી સસ્તા અનાજની દુકાનોમાં ચાલતા કાળા કારોબાર ઉપર લગામ કસી હતી. આવા કર્મનિસ્ટ અધિકારીની બદલી થઈ છે ત્યારે જિલ્લા પુરવઠા અધિકારી તરીકેની ફરજ દરમિયાન સસ્તા અનાજની દુકાનોમાં ચાલતી લાલિયાવાડી ઉપર લગામ કસી છે જે આવનાર અધિકારી પણ ચાલુ રાખીને લોકોમાં આગવી છાપ ઉભી કરે હાલ તો જિલ્લા પુરવઠા અધિકારીની બદલીને લઈને બે નંબરીયાઓમાં છુપી રીતે ખુશી વ્યકત કરી રહ્યા છે.

# આપની આજ.......

મેષ: આજનો દિવસ તમારા માટે શુભ છે અને તમને દરેક સંજોગોમાં વિજય મળશે. કાર્યકાળમાં સુધારો કરવા માટે આજનો દિવસ સારો છે. નિષ્ણાતની સલાહ ભવિષ્યમાં તમારા માટે ઉપયોગી સાબિત થશે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે નસીબદાર છે અને સંપત્તિની પ્રાપ્તિનો સંકેત આપી રહ્યો છે. ધનમાં વધારો થશે. શત્રુ હારશે અને અંતે સર્વત્ર સફળતાની પ્રાપ્તિથી ખુશ થશો.

મિથુન: ગ્રહોની શુભ સ્થિતિને કારણે આજે તમને અચાનક મોટી રકમ મળી શકે છે અને તમારા ભંડોળમાં પણ વધારો થશે. તમારી સમસ્યાઓ તમારા પોતાના દમ પર ઉકેલવાનો પ્રયાસ કરો. તેનાથી થોડી સ્થાયી સફળતા મળશે.

કર્ક: આજે તમારો દિવસ વ્યસ્ત છે અને આખો દિવસ કોઈક પ્રકારની વ્યવસ્થા કરવામાં પસાર થશે. પૈસાની દ્રષ્ટિએ તમને ફાયદો થશે અને પરિવારમાં સમૃદ્ધિ મળશે. આજે કંઈક એવું બનશે કે જે તમારા દ્રષ્ટિકોણને બદલશે.

સિંહ: આજે તમારે વેપાર વ્યવસાય તરફ ધ્યાન આપવાની વધારે જરૂર છે. આજે બપોર સુધીમાં તમે તમારા છૂટાછવાયા વ્યવસાયને એક કરી શકશો. આગળ કોઈ સમય ના મળી શકે. આજે મહિલાઓને દરેક ક્ષેત્રમાં વિશેષ સફળતા મળશે.

કન્યા: તમારા માટે આજનો દિવસ શુભ છે અને તમને લાભ મળશે. દરેક પ્રકારની ઈચ્છા પ્રાપ્ત થશે. ઘરે શુભ કાર્યો ગોઠવી શકાય છે અથવા સમાજના કોઈપણ કાર્યક્રમમાં ભાગ લઈ શકો છો.

તુલા: આજે તમને શ્રેષ્ઠ સંપત્તિ મળશે અને ભાગ્યની સહાયથી કાર્યો પૂરા થશે. આજે ધન રાશિના માલિકના આશીર્વાદથી તમને ભાગ્યનો સહયોગ પ્રાપ્ત થશે. કેટલાક ખર્ચ પણ આમાં શક્ય છે.

વૃશ્ચિક: આજે તમારો શુભ દિવસ રહેશે અને તમને પરિવારના બધા સભ્યોનો સહયોગ મળશે. ઓફિસમાં લોકો તમારી સહાય માટે તૈયાર રહેશે અને મનમાં ખાસ પ્રકારનો ઉત્સાહ રહેશે. પ્રેમ સંબંધના મામલામાં પણ આજનો દિવસ ખૂબ સકારાત્મક પરિણામ લાવશે અને જીવનસાથીને પણ ખુશ કરવામાં સફળ રહેશો.

ધન: આજે તમે ભાગ્યની સહાયથી ખુશ અને સમૃદ્ધ થવાના છો અને આજે તમને ભેટો અને સન્માનનો લાભ મળશે. નજીકના મિત્રની સલાહ અને ટેકાથી તમે તમારા ખરાબ કાર્યોને પણ યોગ્ય રીતે કરી શકો છો, સમયનો લાભ લઈ શકો છો.

મકર: આજે તમારો ખાસ દિવસ છે અને તમારી રાશિના લોકોને આજે વિશેષ લાભ મળશે. આજનો દિવસ ભાગદોડમાં વિતાવશો અને વિશેષ ચિંતા રહેશે. પત્નીના સ્વાસ્થ્ય માટે સાવચેત રહેવું. મહેમાનો અને અતિથિઓ પણ લાંબું રહેવાનું વિચારે છે અને તમારા પૈસા પણ તેમના પર ખર્ચ કરવામાં આવશે.

કુંભ: આ દિવસે તમને ભાગ્યનો સહયોગ મળશે. ક્ષેત્રમાં સ્થાળાંતરથી તમને ફાયદો થઈ શકે છે અને ધંધામાં પણ નફો વધશે. ભાગીદારો સાથે સાચી પ્રામાણિકતા અને સારી વાણી રાખીને તમે લોકોનું દિલ જીતી શકો છો.

મીન: આજનો દિવસ તમારા માટે શુભ છે અને તમને શ્રેષ્ઠ પ્રકારની સંપત્તિ મળશે. આજે ઘણા દિવસોથી અટકેલા પૈસા મળી શકે છે. આજે ચંદ્ર સુખ અને શાંતિ આપશે અને તમને તમારા ભાગ્યનો પૂરો સહયોગ મળશે. તમે ઘણા દિવસોથી જે કાર્યો વિશે વિચારતા હતા આજે તે કાર્યો પૂર્ણ થઈ શકે છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ જિલ્લામાં બે અલગ અલગ સ્થળેથી ટ્રક અને ફોર વ્હિલમાંથી ૫૪.૫૨ લાખનો પોષ ડોડાના જથ્થા સાથે ૩ ઈસમોને એલસીબીએ ઝડપ્યા

દાહોદ

દાહોદ જિલ્લામાંથી બે અલગ અલગ સ્થળોએથી દાહોદ એલસીબી પોલીસે એક ટ્રક અને એક ફોર વ્હીલર ગાડી મળી બે વાહનોમાંથી કુલ રૂા.૫૪,૫૨,૦૨૦ના અફીણના જીંડવા (પોષ ડોડા)ના જથ્થા સાથે ત્રણ ઈસમોની અટકાયત કરી હોવાનું જાણવા મળે છે.




ઝાલોદના ધાવડીયા ચેકપોસ્ટ ખાતે ગતરોજ દાહોદ એલસીબી પોલીસને મળેલ બાતમીના આધારે ધાવડીયા ચેકપોસ્ટ ખાતે આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતાં તે સમયે બાતમીમાં દર્શાવિલ એક ટ્રક ત્યાંથી પસાર થઈ હતી. પોલીસે ટ્રકને ઉભી રખાવી ટ્રકમાં સવાર નેમીચંદ સુખરામ ગોદારા અને તેની સાથેનો વિનોદભાઈ સોહનભાઈ ઈસરવાલ (બંન્ને રહે.રાજસ્થાન)ની પુછપરછ કરતાં પોલીસને સંતોષકારક જવાબ મળ્યો ન હતો જેથી પોલીસે ટ્રકની તલાસી લેતાં પોલીસ ચોંકી ઉઠી હતી. જીપ્સમ ભરેલ થેલાઓની આડમાં સંતાડી રાખેલ અફીણના જીંડવા (પોષ ડોડા)ના થેલા નંગ.૭૬ જેનું વજન ૧૫૩૪.૮૯ કિલોગ્રામ જેની કિંમત રૂા.૪૬,૦૪,૬૭૦ના અફીણના જીંડવા (પોષ ડોડા)ના જથ્થા સાથે પોલીસે ટ્રકની કિંમત મળી કુલ રૂા.૪૯,૨૯,૫૭૦ના જથ્થા સાથે ઉપરોક્ત બંન્ને ઈસમોની પોલીસે અટકાયત કરી આ સંબંધે દાહોદ એલસીબી પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બીજો બનાવ દાહોદના કતવારા ગામ હાઈવે રોડ પર બનવા પામ્યો હતો જેમાં દાહોદ એલસીબી પોલીસ પેટ્રોલીંગમાં હતી તે સમયે ત્યાં હાઈવે રોડ પર એક શંકાસ્પદ ફોર વ્હીલર ગાડી ઉભી હતી જેની પાસે તઈ પોલીસે ફોર વ્હીલર ગાડીના ચાલક સંતોષગીરી મેઘાગીરી ગોસ્વામી (રહે.રાજસ્થાન)ની પુછપરછ કરતાં પોલીસને સંતોષકારક જવાબ મળ્યો ન હતો જેથી પોલીસે ફોર વ્હીલર ગાડીની તલાસી લેતાં તેમાંથી અફીણ જીંડવા (પોષ ડોડા) ના થેલા નંગ.૧૫ જેનું વજન ૨૮૨.૪૫૦ કિલોગ્રામ કિંમત રૂા.૮,૪૭,૩૫૦ના અફીણના જીંડવા (પોષ ડોડા)ના જથ્થા સાથે ફોર વ્હીલર ગાડીની કિંમત મળી પોલીસે કુલ રૂા.૧૦,૯૭,૮૫૦નો મુદ્દામાલ સાથે ઉપરોક્ત ચાલકની અટકાયત કરી આ સંબંધે દાહોદ એલસીબી પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વિદેશી દારૂની સાથે સાથે હવે ગુજરાત રાજયમાં મધ્યપ્રદેશ અને રાજસ્થાનના રાજ્યોમાંથી અફીણ, ગાંજાનો પણ સપ્લાય કરવામાં આવતો હોય તેમ લાગી રહ્યું છે. દાહોદ એલસીબી પોલીસે એકજ દિવસમાં રૂા.૫૪ લાખ ઉપરાંતના અફીણ જીંડવા (પોષ ડોડા) નો જથ્થો ઝડપી પાડવામાં આવતાં જિલ્લાભરમાં ચકચાર મચી જવા પામી છે. યુવાધનને બરબાદ કરતાં આવા નશાના પદાર્થોની હેરાફેરી કરતાં તત્વો સામે દાહોદ જિલ્લા પોલીસે લાલ આંખ કરી હોય તેમ લાગી રહ્યું છે. આજના યુવા વર્ગમાં નશાની લતને કારણે નાની ઉંમરમાંજ યુવાનો પાયમાલી અને બરબાદીના ખપ્પરમાં ધકેલાઈ રહ્યાં છે. દાહોદ જિલ્લો મધ્યપ્રદેશ અને રાજસ્થાનને જોડતો જિલ્લો આવેલ હોય સરળતાથી ગુજરાત રાજ્યામાં આવા નશાના પદાર્થો ઘુસાડવાનું ષડયંત્ર ભુતકાળમાં પણ કરવામાં આવતાં હતાં. સહેલાઈથી દાહોદ જિલ્લા મારફતે ગુજરાતમાં આવા નશાના પદાર્થો ઘુસાડવાનું ષડયંત્ર કરનારા ઈસમો સામે દાહોદ જિલ્લા પોલીસે કડકાઈથી કાર્યવાહી કરી છે. આવા નશાના રવાડે ચઢતા યુવાધન નાની ઉંમરમાં નશાના આદિ બનતાં વાલીઓ તેમજ પરિવારજનોએ પણ ચેતી જવા જેવું છે. ખાસ કરીને આવા નશાનો શિકાર શાળા, કોલેજોના વિદ્યાર્થીઓ બનતાં હોય છે. ત્યારે પોતાના બાળકો શાળા, કોલેજોમાં ભણવા જાય છે કે પછી આવી નશાકીય પ્રવૃતિઓમાં સપડાઈ રહ્યાં છે ? તે દિશામાં પણ વાલીઓ તપાસ કરી સજાગ રહેવા જેવું છે.

## ઝાલોદ પંચાલ સમાજ દ્વારા સમાજના વિકાસ તેમજ સામાજિક કાર્યો માટે નવી કારોબારી સમિતિની રચના કરવામાં આવી

ઝાલોદ,

ઝાલોદ પંચાલ સમાજ નગરમાં દરેક ક્ષેત્રમાં આગવું સ્થાન ધરાવે છે. પંચાલ સમાજની જૂની કારોબારી સમિતિની અવધિ પુરી થતાં નવી કારોબારી સમિતિની રચના કરવામાં આવી હતી. વિતેલા વર્ષોમાં જૂની કારોબારી સમિતિ દ્વારા સમાજના વિકાસ તેમજ સમાજના લગતા દરેક કાર્યક્રમો ખૂબ સુંદર અને કુનેહ પૂર્વક કરવામાં આવેલ હતા. જૂની કારોબારી સમિતિની ઉત્તમ કામગીરી ને વખાણી નવી નિમવામાં આવેલ કારોબારી સમિતિ પણ વધુ મજબૂત સામાજિક કામગીરી કરે તેવી આશા સમાજે રાખેલ હતી. સમાજની કારોબારી રચના માટે વિશ્વકર્મા મંદિર ખાતે ભરાયેલ મીટિંગમાં સર્વ સંમતિ થી પ્રમુખ અનિલભાઈ રસિકલાલ પંચાલ ,ઉપપ્રમુખ ભુપેન્દ્રભાઈ હસમુખભાઈ પંચાલ ,મંત્રી નરેન્દ્રભાઈ જેંતીલાલ પંચાલ , સહમંત્રી કૌશિકભાઈ લાલચંદભાઈ પંચાલ ,ખજાનચી જીતેન્દ્રભાઈ નગીનલાલ પંચાલ ઓડીટિર કીરીટભાઈ કાંતિલાલ પંચાલની નિમણૂક કરવામાં આવી હતી.

## સરકારી ઈજનેરી કોલેજ દ્વારા એમ્પ્લોયીબીલીટી એન્હેન્સમેન્ટ પ્રોગ્રામનું આયોજન થયું

દાહોદ,

ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ ડીપાર્ટમેન્ટ સરકારી ઈજનેરી કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને રોજગારી અવેરનેસ માટે એમ્પ્લોયીબીલીટી એન્હેન્સમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રોગ્રામ માટે શૈલેષ ઠક્કર , કેરિયર કોચ વડોદરાને આમંત્રિત કરવામાં આવ્યા હતા. શૈલેષ ઠક્કરએ વિદ્યાર્થીઓને સ્કિલ ડેવલપમેન્ટ એ નવા યુગની અત્યંત જરૂરિયાત છે એ વિષે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સ્કિલ ડેવલપ કરવા માટે આહવાન કર્યું હતું. આ સમગ્ર વેબિનારનું આયોજન પ્રોફેસર ડો.ઈસ્હાક શેખ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ઝાલોદ સબ ડીસ્ટ્રીક્ટ ખાતે અજાણી મહિલા ૬ થી સાત માસના બાળકને ત્યજી ફરાર

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ નગરમાં સબ ડ્રીસ્ટ્રીક્ટ ખાતે કોઈ અજાણી મહિલા દ્વારા ૬થી ૭ માસના બાળકને મૃત હાલતમાં ત્યજી દઈ નાસી જતાં વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. આ અંગેની જાણ સ્થાનીક પોલીસને કરવામાં આવતાં પોલીસ કાફલો સ્થળ પર દોડી ગયો હતો.

ઝાલોદ સબ ડીસ્ટ્રીક્ટ ખાતે ગતરોજ અંદાજીત સવારના ૯ વાગ્યાના અરસામાં સફાઈ કર્મચારી બાથરૂમની સફાઈ કરવા જતા ત્યા



તેને એક નવજાત શિશુ જોવા મળ્યું હતું. સફાઈ કર્મચારી દ્વારા બાળકને જોતા તાત્કાલીક હોસ્પીટલના અધિક્ષકનો સંપર્ક કર્યો હતો. સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલના અધિક્ષક દ્વારા તાત્કાલિક પોલિસ સ્ટેશનનો સંપર્ક સાધવામાં આવ્યો હતો. સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલના અધીક્ષક તેમજ પોલિસ દ્વારા બાળકને તાત્કાલિક સારવાર માટે બાથરૂમમાંથી કાઢવા માટે હાજર કર્મચારીને સૂચન આપ્યા હતા. સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે બાળકની તપાસ કરાતા તે મૃત હોવાનું માલુમ પડેલ હતું. પોલિસ અને હોસ્પિટલના અધીક્ષક દ્વારા તાત્કાલિક હોસ્પિટલના સી.સી.ટી.વી કેમેરા દ્વારા શિશુ ને ત્યજી દેનાર મહિલાની તપાસ હાથ ધરવામાં આવેલ છે. નગરમાં ચારેકોર બાળકને ત્યજીને જનાર નિષ્ઠુર માતા પર ફિટકાર વરસાવી રહેલ છે.

## ઝાલોદ મહાલક્ષ્મી મંદિર ખાતે પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન માટેની સમીક્ષા બેઠક યોજાઈ




ઝાલોદ,

ઝાલોદ મહાલક્ષ્મી મંદિર ખાતે પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય નવીદિલ્હી દ્વારા પર્યાવરણ વન અને જળવાયુ પરિવર્તન સંવર્ધન પરિસદ ભારત તથા ગુજરાત રાજય ,દીવ દમણ અને દાદરા નગર હવેલીના સ્ટેટ ચેરમેન એસ.એમ.ખાંટના માર્ગદર્શન હેઠળ દાહોદ જિલ્લાના પ્રેસિડેન્ટ વી.એસ.બામણીયાના અદયક્ષ સ્થાને અને જિલ્લા સમિતિના વાઈસ. પ્રેસિડેન્ટ કમલસિહ ચોહાણ તથા અન્ય જિલ્લા ડાયરેકટરોની વિશેષ ઉપસ્થિતિમાં સમીક્ષા બેઠક ઝાલોદ નગરના મહાલક્ષ્મી મંદિર ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં વૃક્ષોનું વાવેતર અને જતન કરવું, પ્રદૂષણ અટકાવવું, પર્યાવરણ, વન, જળવાયુના સંવર્ધન માટે જરૂરી માર્ગદર્શન ઉપસ્થિત મહાનુભાવોએ આપ્યું હતું. ‘‘તેમણે એકપેડ મા કે નામ‘‘ નામનું સૂત્ર આપી તેને સાર્થક કરવા જણાવ્યું હતુ. તેમજ આ દરેક યોજનાઓ ગ્રામ્ય વિસ્તારોમાં જઈ ખેડૂતો સાથે સંકલન કરી ભારત સરકાર દ્વારા ચાલતી આ કામગીરીને સમજાવી આના ફાયદાઓ જણાવવા જેથી વધુમાં વધુ લોકો જોડાય. આજની આ મીટીંગ ઝાલોદ ખાતે નિમાયેલ પ્રમુખ મીનાક્ષીબેન દવે દ્વારા યોજવામાં આવેલ હતી. આજની આ મીટીંગમાં લીમખેડા તાલુકા પ્રમુખ શ્રી એસ.એમ.બારીયા ઉપપ્રમુખ કનુભાઈ પટેલ વિશેષ અતિથિ તરીકે હાજર રહેલ હતા.

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ IQAC અને Indian Air Force દ્વારા કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું




દાહોદ,

નવજીવન સાયન્સ કોલેજ દાહોદ ઈંયઅઈ અને Indian Air Force દ્વારા કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ દરમ્યાન મોટાભાગના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં વિંગ કમાન્ડર મેકમિલન જી.જી. દ્વારા વિદ્યાર્થીઓને ભારતીય વાયુ સેના અને તેમાં કારકિર્દી વિશે વિસ્તાર પૂર્વક માર્ગદર્શન આપ્યું હતુ.વિંગ કમાન્ડરની ટીમ દ્વારા વિદ્યાર્થીઓને Induction Publicity Exhibition Vehicle બસ બતાવીને તે માટેની સમગ્ર સમજણ આપી હતી. જેમાં વિવિધ ફાઈટર એરક્રાફટ, એરક્રાફટ સ્ટીમયુલેટર હેલિકોપ્ટર વગેરે મોડલની સમજ આપી હતી. આ કાર્યક્રમ કોલેજના કાર્યકારી આચાર્ય ડો. ગૌરાંગ ખરાદીના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું.

## માસિકચક્ર અને તેની અંધશ્રદ્ધા વિષયમાં ઝોન કક્ષાએ દે.બારીઆ એમજીએસ હાઈસ્કૂલની બાળ વિજ્ઞાનીઓ પ્રથમ સ્થાન મેળવી વિજેતા બની

દે.બારીઆ,

તા.૧૬/૧/૨૦૨૫ થી ૧૮/૧/૨૦૨૫ ના યોજાયેલ ઝોન કક્ષા ના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન નું આયોજન દેવગઢ બારિયા ખાતે રત્નદીપ હાઈસ્કૂલ માં થયેલ હતું.

આ વિજ્ઞાન મેળા માં ધી એમજીએસ હાઈસ્કૂલ , કાલોલ (પ્રાથમિક વિભાગ) ની વિભાગ ૧ માં માસિકચક્ર અને તેની અંધશ્રદ્ધા ઝોન કક્ષા એ પ્રથમ વિજેતા બની ને રાજય કક્ષા ના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન માં ભાગ લેવા સક્ષમ બની છે. જે વિજેતા બાળ વૈજ્ઞાનિકો પરમાર અવની,પરમાર સાક્ષી તેમજ તેમના માર્ગદર્શક શિક્ષક સિંઘવ જયેશ તમામ ને કાલોલ કેળવણી પ્રચારક મંડળ અને એમ.જી.એસ શાળા પરિવાર તરફ થી ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે.ઉલ્લેખનીય છે કે આ અગાઉ આજ પ્રોજેકટ વિવિધ વિજ્ઞાનમેળા જેવાકે ભચિ૮-૨૦૨૪ (ITM collage) edu carnival (Amrit Vidhyalay) માં પણ ભાગ લઈ ને જીત્યા છે અને અત્યાર સુધી ૨૦૦૦ થી વધુ લોકો ના સંપર્ક માં આવી ને માસિકચક્ર એક સ્ત્રીઓ માં થતી એક સામાન્ય શારીરિક ક્રિયા છે અને એ કોઈ અપવિત્ર બાબત નથી તેવું સમજાવવાના સતત પ્રયત્નો કરે છે. ઝોન કક્ષાએ વિજેતા ટીમ હવે રાજય કક્ષાએ પણ ભાગ લેવા સુસજજ બની છે.

## ફતેપુરાના જવેશી ગામે કડાણાથી પાટાડુંગરી જતી પાણીની લાઈનમાં લીકેજ સર્જાતા પાણીનો વેડફાટ

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના જવેશી અને કુંડાલા ગામના સીમાડેથી પસાર થતી લાઈન કડાણાથી પાટાડુંગરી (દાહોદ)જતી પાણીની લાઈન પસાર થાય છે. જવેશી ગામે રહેતા સબુરીબેન કિશોરી વિધવા છે. જેમના ખેતરમાં જ પાણીનો વાલ્વ તેમજ વાલ્વ ચેમ્બર પણ બનાવેલા છે.

જે વાલ્વમાંથથી સતત પાણીનો પ્રવાહ નીકળ્યા જ કરે છે. સતત નીકળતા પાણીની ખેતરોમાં પાણી ભરાઈ જવાની સમસ્યા ઉભી થઈ છે. અને જેના કારણે વિધવા મહિલાના ત્રણ ખેતરો તે લાઈનમાં જ આવેલા છે. આ ચેમ્બર વાલ્વમાંથી સતત નીકળતા પાણીના પ્રવાહના કારણે ત્રણેય ખેતરોમાં પાણી ભરાયેલુ રહેતુ હોવાથી ખેતીલાયક જમીન હોવા છતાં બિનખેતીમાં ફેરવાઈ ગયેલ છે. આ બાબતે સરપંચ, કોન્ટ્રાકટર, તેમજ પાણી પુરવઠા વિભાગમાં તેમજ સ્થાનિક વહીવટી તંત્રને અનેકવાર જાણ કરેલી હોવાાના આક્ષેપ કરી રહ્યો છે. છતાં વિધવા મહિલાની કોઈ ફરિયાદ સાંભળવા તૈયાર ન હોવાનુ જાણવા મળેલ છે. અને તંત્ર દ્વારા ચેમ્બર વાલ્વમાંથી નીકળતા પાણીને બંધ કરવામાં આવતુ નથી. કિશોરી ફળિામાં રહેતા અને પાણીની પાઈપલાઈનથી પીડિતા પાસે રહેવા માટે પોતાનુ પાકું મકાન પણ નથી. જયારે જમીન છે પરંતુ વહીવટી તંત્ર અને કોન્ટ્રાકટરના પાપે ખેતી પાકોનુ વાવેતર નહિ કરી શકતા ખેતી થતી નથી. જેના કારણે વૃદ્ધ મહિલાની વહેલી તકે તંત્ર દ્વારા મુશ્કેલી દુર કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

## દે.બારીઆના ઉંચવાણ અને ડાંગરીયા પ્રા.શાળાના ૧૬ ઓરડાઓ બનાવાશે

દે.બારીઆ,

દે.બારીઆ તાલુકાના ગામડાઓની પ્રાથમિક શાળાઓમાં ઘણી જગ્યાએ જુના ઓરડા જર્જરિત બન્યા હતા. શાળાના આચાર્ય અને એસએમસી કમિટી દ્વારા ઠરાવ કરીને જર્જરિત ઓરડા તોડીને નવીન ઓરડા બનાવવા માટે યોગ્ય ઠરાવ કરી સરકારમાં મોકલાયો હતો. તાલુકાની ઉંચવાણ ગામની પ્રા.શાળામાં નવીન ૬ ઓરડા રૂ.૫૪ લાખના ખર્ચે બનાવવાની મંજુરી મળી હતી. જયારે ડાંગરીયા ગામની પ્રાથમિક શાળામાં કુલ ૧૦ નવીન ઓરડા રૂ.૯૦ લાખના ખર્ચે મંજુર કરાયા છે. રાજયમંત્રી બચુભાઈ ખાબડ દ્વારા શાસ્ત્રોકત પુજાવિધિ કરીને બંને પ્રાથમિક શાળાના ઓરડાનુ ભુમિ પુજન કરાયુ હતુ. રાજયમંત્રી ખાબડે જણાવ્યુ હતુ કે, ભુતકાળમાં ગામડાની શાળામાં કોઈ સુવિધાઓ નહોતી. આજે સરકાર દ્વારા લાખોનો ખર્ચ કરીને આધુનિક સુવિધા સાથે શાળાના મકાન બનાવ્યા છે. તાલુકામાં ૩૩ કરોડ ૬૬ લાખના ખર્ચે ૩૭૪ ઓરડા મંજુર થયા છે. જેમાં ૮૯ ઓરડાનુ કામ પુર્ણ થઈ ગયેલ છે. ૧૬૦ ઓરડાનુ બાંધકામ હાલ ચાલુ છે. નવીન ૧૨૫ ઓરડાના બાંધકામની ટેન્ડર પ્રક્રિયા, એસ.એસ.એ.એમ., ગાંધીનગર કચેરી ખાતેથી પ્રગતિ હેઠળ હોવાનુ જણાવ્યુ હતુ. મધ્યાહન ભોજનમાં મળતા ભોજન મેનુ અંગે ખાસ પુછપરછ કરી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયત ઉપપ્રમુખ અરવિંદાબેન પટેલિયા, તાલુકા પંચાયત ઉપપ્રમુખ જશવંત રાઠવા, કારોબારી ચેરમેન કિરીટભાઈ સહિત ગામના આગેવાનો સરપંચ હાજર રહ્યા હતા.

## દે.બારીઆ શહેરની ઉર્દુ મીડિયમ પ્રાથમિક શાળામાં એક શિક્ષકની જે ઘટ પડી છે તેને ઉર્દુ મીડિયમના શિક્ષકથી ઘટ પુરવામાં આવે

દે.બારીઆ,

દે.બારીઆ શહેરમાં કસ્બા વિસ્તારમાં વર્ષો જુની ઉર્દુ પ્રાથમિક શાળા કાર્યરત છે. જેમાં તમામ વિષયો જેવા કે, ગણિત, વિજ્ઞાન, ઈતિહાસ, ભુગોળ, ઉર્દુ મીડિયમમાં જ શિક્ષણ આપવામાં આવે છે. આ તમામ વિષયો સાથે આપણી પ્રાદેશિક ભાષા ગુજરાતીનુ પણ શિક્ષણ ઉર્દુ મીડિયમના જ શિક્ષકો શિક્ષણ આપી રહ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીઆ કસ્બા વિસ્તારની ઉર્દુ પ્રા.શાળામાં હાલ એક જ ઉર્દુ મીડિયમનો શિક્ષક છે. કારણ કે હાલમાં જે જિલ્લા ફેરબદલના કાર્યક્રમમાં ઉર્દુ મીડિયમના શિક્ષકો બદલી કરી તેમના વતનના લાભ લેવાનુ મુનાસીબ સમજયા હતા તેથી દે.બારીઆની ઉર્દુ પ્રા.શાળામાં બે શિક્ષકોનુ મહેકમ છે. તો એક શિક્ષકમાં જ શિક્ષણ આપી શકે તેવા શિક્ષકની નિમણુંક થાય તેવી વાલીઓની માંગ છે. જેથી નવા શિક્ષકોની ભરતી પ્રક્રિયા જગ્યા હાલમાં ખાલી પડી છે. અને બાળકોનુ શિક્ષણ પોતાની ભાષાના શિક્ષણથી વંચિત રહ્યા છે. તેમનો શિક્ષણ સંગ્યાત લઈ શિક્ષણથી વંચિત થતાં વિદ્યાર્થીઓ અને આમ જનતાની માંગણી છે.

## ધાનપુરના વેડ ગામે બાઈક સ્લિપ ખાઈ જતાં ચાલકનુ મોત

દાહોદ

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના વેડ ગામે એક મોટર સાયકલના ચાલકની મોટરસાયકલ સ્લીપ ખાઈ જતા ગંભીર ઈજાઓને પગલે મોટરસાયકલ ના ચાલકનું મોત નીપજયાનો જાણવા મળે છે.

ગત તારીખ ૧૯ મી જાન્યુઆરીના રોજ ધાનપુરના વેડ ગામે તડવી ફળિયામાં રહેતા મંગળસિંહ ઉદેસિંગભાઈ તડવી પોતાના કપચાની મોટરસાયકલ લઈ ધાનપુરના વેડ ગામે થી પસાર થઈ રહ્યા હતા તે સમયે મોટરસાયકલની વધુ પડતી ઝડપના કારણે આગળ જતા રસ્તા પર વળાંક આવતા તે સમયે મંગળસિંહભાઈએ પોતાના કબજાની મોટર સાયકલ પરનો સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા મોટરસાયકલ સ્લીપ ખાઈ ગઈ હતી અને જેને પગલે મંગળસિંહ ભાઈ મોટરસાયકલ પરથી ફંગોળા હતા તેઓને હાથે પગે તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મોત નીપજયું હતું.આ સંબંધે જગદીશ કુમાર ગણપતસિંહ તડવીએ ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ થઈ છે.

## સંજેલી રાજમહેલ ચોકડી પર ગટરના પાણી ઉભરાતા લોકોમાં આક્રોશ

સંજેલી,

સંજેલી રાજમહેલ માંડલી ચોકડી પર ગટરના પાણી રોડ પર જ ફરી વળતા સ્થાનિક લોકોને ગટરના પાણીમાંથી પસાર થવા મજબુર બન્યા છે. પંચાયો આપેલા દસ વાતો પણ માત્ર કાગળ પર જ રહી છે. મહિલા વોટ સભ્ય ચુંટણી જીત્યા બાદ વિસ્તારની મુલાકાત પણ લીધી નથી.

સંજેલી ગ્રામ પંચાયતની ચુંટણીને ત્રણ વર્ષ ઉપરાંત સમય વિતી ગયો છે. છતાં પણ પંચાયત તંત્રની નિષ્કાળજી અને બેદરકારીના કારણે સંજેલી નગરમાં લોકોને પ્રાથમિક સુવિધાઓથી વંચિત રહેવાન વારો આવ્યો છે. સ્ટ્રીટ લાઈટ, પીવાનુ પાણી , ગટર વ્યવસ્થા, સાફસફાઈ, રસ્તાઓ જેવી સુવિધાઓને લઈને લોકોની વારંવાર લેખિત-મૌખિક રજુઆતો વ્યર્થ રહી છે. રાજમહેલ વોર્ડના સભ્ય નીલમબેન ચારેલ ચુંટણી દરમિયાન જીતવા માટે આપેલા વાયદાઓ લોકોના કાનમાં ગુંજી રહ્યા છે. હથેળીમાં ચાંદ દેખાડી અને લોકોને મોટા મોટા સપનાઓ બતાવી અને ચુંટણી જીત્યા બાદ વોર્ડમાં આજદિન સુધી મુલાકાત લીધી નથી. હાલ આ વિસ્તારમાં છેલ્લા બે દિવસથી ગટરની સાફસફાઈના અભાવને કારણે ગંદા પાણી રોડ ઉપર ફરી વળ્યા છે. જેના કારણે સ્થાનિક લોકોને મચ્છરજન્ય રોગોથી પીડાવવાનો વારો આવ્યો છે. અવર જવર કરતા રાહદારીઓ તેમજ સ્થાનિક લોકોને ગટરના પાણીમાંથી પસાર થવા મજબુર બન્યા છે. તાલુકા મથકનુ ગામ હોવા છતાં પણ તંત્ર દ્વારા આવી પ્રાથમિક સુવિધાઓ બાબતે યોગ્ય દયાન આપવામાં આવતુ નથી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 28, No.128

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# જીઆઈડીસીમાં ધમધમતી પ્લાસ્ટિક ફેક્ટરીઓ સામે પાલિકા ચીફ ઓફિસર, મામલતદાર અને જીપીસીબીની સંયુકત કાર્યવાહી

## પોલીસ સાથે રાખી હાથ ધરાયેલ કાર્યવાહીથી ઉશ્કેરાયેલા ટોળા દ્વારા પોલીસ પર પથ્થરમારો





હાલોલ,

હાલોલ જીઆઈડીસીમમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક કેરીબેગનુ ઉત્પાદન કરતી ફેક્ટરીઓ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. હાલોલ પાલિકા ચીફ ઓફિસરની અધ્યક્ષતામાં હાલોલ મામલતદાર, જીપીસીબી અને પોલીસ સાથે રાખીને સંયુકત રીતે પ્રતાપપુરા દુમિયા અને સાથરોટા વિસ્તારમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ હતુ. ત્યારે ઉશ્કેરાયેલા ટોળાએ પોલીસ ઉપર પથ્થરમારો કર્યો હતો. અને મહિલા ચીફ ઓફિસર ઘર્ષણમાં ઉતર્યા હતા. પ્લાસ્ટિક બેગના ઉત્પાદકોએ અમને મારી નાંખો ફાંસીએ ચઢાવી દો...તેમ કહી વિરોધ કર્યો હતો. ઘર્ષણની સ્થિતિ ઉભી થતાં વધારાનો પોલીસ કાફલો તૈનાત કરાયો હતો.

હાલોલ જીઆઈડીસીમમાં આવેલ પ્રતાપપુરા, દુમિયા, સાથરોટા વિસ્તારમાં સરકારની ગાઈડલાઈનનુ ઉલ્લંઘન કરી ગેરકાયદેસર પ્લાસ્ટિકના ઝભલા બનાવતી ફેક્ટરીઓ ધમધમી રહી છે. આવી ગેરકાયદેસર રીતે ઝભલાનુ ઉત્પાદન કરતી ફેક્ટરીઓ ઉપર હાલોલ પાલિકાના ચીફ ઓફિસર, હાલોલ મામલતદાર, જીપીસીબી અને પોલીસની ટીમો સાથે રાખીને પ્લાસ્ટિકના ઝભલાનુ ઉત્પાદન કરતી ફેક્ટરીઓનુ ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ હતુ. તેમાં કેટલીક બંધ ફેક્ટરીઓ અને કંપનીઓના તાળા તોડીને ફેક્ટરીઓમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ હતુ. અને ૧૫ અને ૨૦ માઈક્રોનના પ્લાસ્ટિકના ઝભલાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. ગેરકાયદેસર પ્લાસ્ટિક ઝભલાના ઉત્પાદકો સામે કાર્યવાહી કરવામાં આવતા કેટલાક ઉત્પાદકોએ લોકટોળા એકઠા કરી સરકારી કર્મચારીઓ અને પોલીસ સાથે ઘર્ષણમાં ઉતર્યા હતા. જેને લઈ મામલો ઉગ્ર બનતા વધારાની પોલીસ બોલાવવામાં આવી હતી. હાલોલ જીઆઈડીસીમાં વહેલી સવારથી પ્રતિબંધિત પ્લાસ્ટિક ઝભલાનુ ઉત્પાદન કરતી ફેક્ટરીઓ ઉપર કાર્યવાહી કરી ૫૦ હજાર કિલો નોનયુઝ પ્લાસ્ટિકનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે.

હાલોલ જીઆઈડીસીમાં પ્લાસ્ટિક ઝભલાનુ ઉત્પાદન કરતી ૭૦૦ જેટલી ફેક્ટરીઓ ધમધમી રહી છે. ભારત સરકારના પરીપત્ર મુજબ ૨૦ માઈક્રોનથી નીચેના પ્લાસ્ટિકના ઝભલાના ઉત્પાદન કરવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. તેમ છતાં હાલોલ જીઆઈડીસીમાં ધમધમતી પ્લાસ્ટિક ફેક્ટરીઓમાં પર્યાવરણ માટે હાનિકારક ૧૫ થી ૨૦ માઈક્રોનના પ્લાસ્ટિક ઝભલાનુ ઉત્પાદન કરવામાં આવી રહ્યુ છે. હાલોલ જીઆઈડીસીમાં ધમધમતી પ્લાસ્ટિક ફેક્ટરી જીપીસીબી દ્વારા દરોડા કરી કાર્યવાહી કરવામાં આવતી હોય છે. તેમ છતાં આવા યુનિટો પુનઃ શરૂ થઈ જાય છે. જીઆઈડીસીમાં આવા યુનિટો તેમના મુખ્ય ગેટને બહાર તાળા લગાવી અંદર ઉત્પાદન કરતા હોવાને લઈ કાર્યવાહીથી બચી જતા હોય છે.

હાલોલ જીઆઈડીસીના ગેરકાયદેસર પ્રતિબંધિત પ્લાસ્ટિક ઝભલાનુ ઉત્પાદન કરતી ફેક્ટરીઓ ઉપર પાલિકા ચીફ ઓફિસર, મામલતદાર, જીપીસીબી અને પોલીસ સાથે રાખીને ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ હતુ. પ્લાસ્ટિક ફેક્ટરીઓના ઉપર કાર્યવાહી હાથ ધરવામાં આવતા પ્લાસ્ટિક ઉત્પાદકોએ ગોધરા રોડ ઉપર બંસલ મોલની બાજુમાં કંપનીઓ અને ફેક્ટરીઓના ઉત્પાદકોએ લોકટોળા એકત્ર કરી પોલીસ ઉપર પથ્થર મારો કર્યો હતો. તેમજ રોડની અંદરની ફેક્ટરીઓમાં ચેકિંગ કરી રહેલા મહિલા ચીફ ઓફિસર સાથે ઉત્પાદકો અને લોકટોળા ઘર્ષણમાં ઉતર્યા હતા. જેને લઈ વધારમની પોલીસ બોલાવવાની ફરજ પડી હતી. પ્લાસ્ટિક ઝભલાનુ ઉત્પાદન કરતા ઉત્પાદકોએ આક્રોશ વ્યકત કર્યો હતો કે, પોલીસ દ્વારા બળજબરીપુર્વક લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો. અને ભેગા થયેલા કામદારોને માર્યા હતા. પ્લાસ્ટિકના બેગ આખા ભારતમાં બને છે બંધ કરાવી દો...તો અમે પણ બંધ કરી દઈશુ. આ રીતે કંપની બંધ કરવા કરતા અમને બધાને મારીને ફાંસીએ લટકાવી દો...તેવો રોષ ઠાલવ્યો હતો.

# ગોધરામાં જીપીસીબી અને પાલિકા દ્વારા ત્રણ પ્લાસ્ટિક એકમોનુ ચેકિંગ કરી ૧૨૦૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કર્યો

## ત્રણ એકમો ઉપર કાર્યવાહીમાં મોટી માત્રામાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો મળે તે પહેલા રાજકિય દબાણમાં ઓછો જથ્થો દર્શાવાયાની ચર્ચા



ગોધરા,

ગોધરા જીઆઈડીસી અને શહેરના વિવિધ વિસ્તારોમાં ત્રણ પ્લાસ્ટિક એકમો ઉપર ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડની ટીમે ગોધરા પાલિકા અને પોલીસની મદદથી દરોડા પાડવામાં આવ્યા હતા. કાર્યવાહી દરમિયાન ગીદવાણી રોડ પરના કૈલાશ પ્લાસ્ટિક, કૃષ્ણા પ્લાસ્ટિક અને જીઆઈડીસીમાં આવેલ કૃષ્ણા કમલ ગોડાઉનમાં ચેકિંગ કરવામાં આવ્યુ હતુ. અને ૧૨૦ માઈક્રોનથી ઓછી થીકનેસ ધરાવતા કુલ ૧૨૦૦ કિલો પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

હાલોલ જીઆઈડીસીમાં આવેલ પ્લાસ્ટિક ઔધોગિક એકમો ઉપર પાલિકા ચીફ ઓફિસર, જીપીસીબી, મામલતદાર અને પોલીસની ટીમો સાથે રાખી ગેરકાયદેસર નોનયુઝ પ્લાસ્ટિક ઝભલાનુ ઉત્પાદન કરતા એકમો ઉપર દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેની અસર ગોધરા શહેરમાં પણ જોવા મળી હતી. ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ(જીપીસીબી), નગરપાલિકા, અને પોલીસને સાથે રાખીને જીઆઈડીસી અને શહેરના વિવિધ વિસ્તારોમાં કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અને આ કાર્યવાહી દરમિયાન ગીદવાણી રોડ પરના કૈલાશ પ્લાસ્ટિક, કૃષ્ણા પ્લાસ્ટિક એકમ તેમજ જીઆઈડીસીમાં આવેલ કૃષ્ણા કમલ ગોડાઉનમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ હતુ. શહેરના ત્રણ પ્લાસ્ટિક એકમોમાંથથી ૧૨૦ માઈક્રોનથી ઓછી થીકનેસ ધરાવતા ૧૨૦૦ કિલો જપ્ત કરવામાં આવ્યો હતો. જીપીસીબી અને પાલિકા દ્વારા જપ્ત કરવામાં આવેલ જથ્થામાં પ્લાસ્ટિકના ઝભલા અને ડિસ્પોઝેબલ ગ્લાસનો સમાવેશ હતો. ગોધરામાં જીપીસીબી અને પાલિકાની કાર્યવાહી દરમિયાન મોટી માત્રામાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો ઝડપાઈ શકતો હતો પરંતુ રાજકિય દબાણને લઈ નામ પુરતી કાર્યવાહી કરવામાં આવી હોવાની ચર્ચાઓ સાંભળવા મળી છે.

# ગોધરા પાલિકામાં સમાવેશ કરાય ૬ ગામોના ૧૫ હજારથી વધુ ઘરોમાં નર્મદાનુ પાણી પહોંચાડાશે

ગોધરા,

મોંઘા ખાતર અને બિયારણના ઉપયોગથી ખેતીનો ખર્ચ વધે છે. અને જમીનના પોષક તત્વો નષ્ટ થાય છે. રાસાયણિક ખેતીથી જમીન સખ્ત બને છે. પાણી ઉતરતુ નથી અને માટીનુ ધોવાણ થાય છે.

જયારે પાકૃતિક ખેતી એ રાસાયણિકમુકત પરંપરાગત ખેત પદ્ધતિ છે. જે જમીનના સ્વાસ્થ્યને ટકાવી રાખે છે. ખોરાકમાં પોષક તત્વો જાળવી રાખે છે. અને પર્યાવરણમાં સંતુલન જાળવી રાખે છે. રાજયપાલ દ્વારા પાકૃતિક ખેતીને તરફ ખેડુતોને વાળવાની મુહિમ પંચમહાલ જિલ્લામાં રંગ લાગી રહ્યો છે. પંચમહાલ જિલ્લામાં ગત વર્ષ સુધી કુલ ૨૬,૨૧૬ ખેડુતો પાકૃતિક ખેતીમાં જોડાયેલા હતા. અને ચાલુ વર્ષે કુલ ૪,૨૩૩ નવા ખેડુતો પાકૃતિક ખેતીમાં જોડાયા છે. આમ જિલ્લાના કુલ ૩૦,૪૪૯ ખેડુતો ૧૭,૯૧૯ એકરમાં પાકૃતિક ખેતી કરી રહ્યા છે. વર્ષ-૨૨/૨૩માં વધુ ખેડુતો પાકૃતિક ખેતી તરફ વળ્યા છે. જયારે વર્ષ-૨૦૨૪માં ૪,૨૩૩ નવા ખેડુતો પાકૃતિક ખેતી કરવા લાગ્યા છે. આમ જિલ્લામાં કુલ ૨ લાખ કરતા વધુ ખેડુતોમાંથી હાલ ૩૦ હજાર જેટલા ખેડુતો પાકૃતિક ખેતી કરતા થયા છે. જે આવનાર સમયમાં વધારવા વિભાગ કમ કસી રહ્યુ છે. અને ખેડુતોને તાલીમ અને સહાય પણ આપી રહ્યુ છે. પ્રાકૃતિક ખેતી કરતા અને ગાય ધરાવતા ખેડુતોને માસિક રૂ.૯૦૦ લેખે વર્ષના કુલ રૂ.૧૦,૮૦૦ ગાય નિભાવણી ખર્ચ આપવામાં આવે છે. જેમાં ચાલુ નાણાંકિય વર્ષે જિલ્લાના કુલ ૭,૪૭૭ ખેડુતોમાંથી પ્રતિ ખેડુ રૂ.૫,૪૦૦ લેખે કુલ રૂ.૪.૦૩ કરોડની પ્રથમ હપ્તાની સહાય ચુકવવામાં આવેલ છે. જિલ્લામાં પાકૃતિક કૃષિ પેદાશોના વેચાણ માટે જિલ્લા કક્ષાએ ૨ વેચાણ કેન્દ્રો અને તાલુકા કક્ષાએ ૭ વેચાણ કેન્દ્ર એમ કુલ ૯ વેચાણ કેન્દ્રો ખાતે ચાલુ વર્ષે રૂ.૩.૨૭ લાખ પાકૃતિક ખેતી પેદાશોનુ ખેડુતો દ્વારા વેચાણ કરેલ છે.

# પંચમહાલ જિલ્લામાં ૩૦,૪૪૯ ખેડુતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા

ગોધરા,

ગોધરા પાલિકામાં સમાવેશ કરેલ ૬ ગામમાં ૧૦૦ કરોડના ખર્ચે પીવાના પાણીની લાઈન તથા ભુગર્ભ ગટર યોજના બનાવાશે. એજન્સી દ્વારા સર્વે કરીને પાણીનો સંપ, ટાંકી તથા ભુગર્ભ ગટરના સબ સ્ટેશન બનાવીને ૬ ગામોને વિકાસ કરાશે. પાણીની લાઈન અને ભુગર્ભ ગટર યોજના એજન્સી ૩૦ માસમાં બનાવાશે.

ગોધરા નગરપાલિકામાં વાવડી બુઝર્ગ, ભામૈયા(૫), ચીખોદ્રા, જાફરાબાદ, ગોવિંદી દયાળનો સમાવેશ થાય છે. પાલિકા દ્વારા ૬ ગ્રામ પંચાયતમાં નિવૃત્ત કર્મચારીઓ દ્વારા મિલ્કતનો સર્વે કરાવી રહી છે. ત્યારે પાલિકામાં સમાવેશ થતાં ૬ ગામના ૧૫ હજારથી વધુ ઘરોમાં નર્મદાના પાણી પહોંચાડવા અને ભુગર્ભ ગટર યોજના માટે ૧૦૦ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવી દઈને રાજયકક્ષાએથી યોજનાનો સર્વે કર્યો છે. સર્વે બાદ ૬ ગામમાં પાણી પહોંચાડવા ૧૨૯ કિ.મી.ની પાણીની પાઈપલાઈન નાંખવામાં આવશે. તેના માટે ૬ જગ્યાએ પાણીના ટાંકા પણ બનાવાશે. તેમજ પાલિકા દ્વારા શહેરની મળતી સુવિધાઓ આ ૬ ગામને મળી રહે તે માટે ૬ ગામમાં ૨૧૬ કિ.મી. સુધીની ભુગર્ભ ગટર યોજના સરકાર પામશે. જેના માટે બે કુવા બનાવીને લિફ્ટિંગ ચેમ્બર મોકલવા ૨ સબ સ્ટેશન પણ બનાવાશે. હાલ એજન્સીનો સર્વે પુર્ણ થઈ ગયો છે. ત્યારે ટુંક સમયમાં ૬ ગામમાં નર્મદાના પાણી ઘર સુધી પહોંચાડવા માટે પાણીની લાઈન અને ભુગર્ભ ગટરની ૧૦૦ કરોડની યોજનાનુ ટુંક સમયમાં ખાતામુર્હુત કરવામાં આવશે. અને એજન્સી ૩૦ માસમાં યોજનાની કામગીરી પુર્ણ કરશે દેશે તેમ પાલિકાના પ્રમુખે જણાવ્યુ હતુ.

# પંચમહાલ જિલ્લામાં શાળા સલામતી સપ્તાહ-૨૦૨૫ ની ઉજવણી કરાશે

ગોધરા,

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે ગાંધીનગર ખાતેથી ગુજરાત શાળા સલામતી સપ્તાહ-૨૦૨૫ નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું અને જિલ્લા તેમજ તાલુકાકક્ષાએ પણ વિવિધ શાળાઓમાં પણ શાળા સલામતી સપ્તાહનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. જે અંતર્ગત પંચમહાલ જિલ્લામાં તા.૨૦/૦૧/૨૦૨૫ થી તા.૨૫/૦૧/૨૦૨૫ દરમિયાન શાળા સલામતી સપ્તાહની ઉજવણી કરાશે. આ કાર્યક્રમમાં જિલ્લાની તમામ શાળામાં આયોજન મુજબ સપ્તાહ દરમિયાન વિવિધ પ્રવૃતિઓ હાથ ધરાશે. જેમાં આપત્તિ સંજોગ સમય અંગે માર્ગદર્શન, પોસ્ટર/ચાર્ટ દ્વારા માહિતીની સમજ, આપત્તિ વ્યવસ્થાપન વિષય ઉપર વિવિધ સ્પર્ધાઓ યોજાશે. આ ઉપરાંત શાળા સલામતી સપ્તાહ અંતર્ગત મેગા ઈવેન્ટ માટે જિલ્લાની ૪૪ શાળાની પસંદગી કરવામાં આવી છે. જેમાં વિવિધ એજન્સી દ્વારા આગ સમાલતી, પ્રાથમિક સારવાર, શોધ - બચાવ જેવી તાલીમનું આયોજન કરવામાં આવશે. શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓમાં આપત્તિ વ્યવસ્થાપન વિશે જાગૃતિ કેળવાય તે હેતુથી આ શાળા સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવનાર છે

# ગોધરા ભુરાવાવ વાગડીયા વાસ ખાતેથી ૫,૨૮૦/-રૂપિયાના ઈંગ્લીશ દારૂ સાથે મહિલાને ઝડપી

ગોધરા,

ગોધરા ભુરાવાવ વાગડીયા વાસ વિસ્તારમાં રહેણાંક મકાનમાં પોલીસે રેઈડ કરી પ્લાસ્ટિક કવાટરીયા નંગ-૪૮ કિ.રૂ.૫,૨૮૦/-નો મુદ્દામાલ સાથે મહિલા આરોપીને ઝડપી પાડવામાં આવી હતી.

ગોધરા શહેરના ભુરાવાવ વાગડીયા વાસ ફળિયામાં રહેતી નાનીબેન ગમીરભાઈ તાવિયાડ પોતાના રહેણાંક ઘરમાં ઈંગ્લીશ દારૂ રાખીને વેચાણ કરતા હોય તેવી બાતમીના આધારે ગોધરા એ-ડીવીઝન પોલીસ દ્વારા રેઈડ કરવામાં આવી હતી. રેઈડ દરમિયાન ઈંગ્લીશ દારૂના કવાટરીયા નંગ-૪૮ કિ.રૂ.૫,૨૮૦/-ના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવીહતી. આ બાબતે ગોધરા એ-ડીવીઝન પોલીસ મથકે પ્રોહિબિશન એકટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## રાષ્ટ્રીય માર્ગ સુરક્ષા માસ- ૨૦૨૫ ની ઉજવણી અંતર્ગત

# ગોધરા બસ ડેપો ખાતે માર્ગ સુરક્ષા જાગૃતિ અંગે કાર્યક્રમ યોજાયો

ગોધરા,

પંચમહાલ જિલ્લામા રાષ્ટ્રીય માર્ગ સુરક્ષા માસ- ૨૦૨૫ ની ઉજવણી કરવામાં આવી રહી છે. જે નિમિત્તેઅંતર્ગત ગોધરા બસ ડેપો ખાતે માર્ગ સુરક્ષા જાગૃતિ અંગે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગોધરા ડેપો વિભાગના કામદારોને માર્ગ સુરક્ષા અંગે વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. તેમજ માર્ગ અકસ્માત અટકાવવા તથા રોડ સેફટી બાબતે દયાનમાં રાખવાની બાબતોથી કામદારોને માહિતગાર અને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ તકે વિભાગીય નિયામકશ્રીએ કામદારોને પુષ્પગુચ્છ અર્પણ કરી પ્રોત્સાહિત કર્યા હતા.આ કાર્યક્રમમાં વિભાગિય નિયામક ડામોર, અવ્વલ કામદાર અધિકારી ચોપડા, વિભાગીય પરિવહન અધિકારી સોલંકી, ડેપો મેનેજર માવી, ટ્રાફિક પોલીસ ઈન્ચાર્જ સહિત મોટી સંખ્યામાં ડ્રાઈવર્સ, કંડકટર્સ તથા અન્ય સ્ટાફમિત્રો હાજર રહ્યા હતા.

# શહેરા પાલિકા દ્વારા અંધારી ભાગોળ અને પરવડી વિસ્તારમાં દુકાનની છત પરના દબાણો દુર કર્યા

શહેરા,

શહેરા નગરપાલિકા દ્વારા અંધારી ભાગોળ તેમજ પરવડી વિસ્તારમાં જેસીબી મશીનના મદદથી દુકાન ના છત પરના પતરાના શેડ સહિતના અડચણરૂપ દબાણો દૂર કરવામાં આવ્યા હતા.જયારે અમુક વ્યાપારીઓ એ નગરપાલિકા એ હાથ ધરવામાં આવેલી દબાણની કાર્યવાહી ના પગલે સ્વૈચ્છિક દબાણ દૂર કરતા નજરે પડી રહ્યા હતાશહેરા નગરપાલિકા દ્વારા થોડા દિવસો પહેલા વધતા જતા દબાણને લઈને હોળી ચકલા સહિત અન્ય વિસ્તારમાં નાનો મોટો ધંધો કરતા દુકાનદારોને નોટિસ આપવામાં આવી હતી, જોકે મહત્વના બજારમાં આવેલા દુકાનદારો દ્વારા સ્વેચ્છિક પોતાનું દબાણ દૂર નહીં કરતા નગરપાલિકા દ્વારા દબાણ દૂર કરવાની કાર્યવાહી સોમવારના રોજ હાથ ધરવામાં આવી હતી. પાલિકાના ચીફ ઓફિસર અને એન્જિનિયર જીગ્નેશ શાહની ઉપસ્થિતિમાં અંધારી ભાગોળ , પરવડી વિસ્તાર સહિત અન્ય વિસ્તારમાં જેસીબી મશીનના મદદથી દુકાન ના છત પરના પતરાના શેડ સહિતના અડચણરૂપ દબાણો દૂર કરવામાં આવી રહ્યા હતા, જયારે અમુક વ્યાપારીઓ એ નગરપાલિકા એ હાથ ધરવામાં આવેલી દબાણની કાર્યવાહી ના પગલે સ્વૈચ્છિક દબાણ દૂર કરતા નજરે પડી રહ્યા હતા. પાલિકા દ્વારા માત્ર સામાન્ય દબાણ દૂર કરવામાં આવી રહ્યા હોય જોકે પાલિકા દ્વારા પહેલા તો નગરજનોની પાણી, રસ્તા, સ્ટ્રીટ લાઈટ સહિતની અન્ય સમસ્યાઓ નો અંત આવે એ પ્રકારની કામગીરી કરવામાં આવી જોઈએ પરંતુ નગરપાલિકા ના સત્તાધીશોને નગરજનો માટે માથામાં દુઃખાવા સમાન વધતી જતી અનેક સમસ્યા નો હલ કરવામાં જાણે કોઈ રસ ન હોય એવું નગરજનોને લાગી રહ્યું હોવા સાથે છૂપો આક્રોશ પણ નગરજનોમાં જોવા મળે તો નવાઈ નહી.

# સરકારી પોલિટેકનિક ગોધરા ખાતે, આજથી પાંચ દિવસીય તાલીમ કાર્યક્રમની શરૂઆત



ગોધરા,

સરકારી પોલીટેકની ગોધરા ખાતે આજથી પાંચ દિવસ એસ.ટી.ટી.પી. (શોર્ટ ટર્મ ટ્રેનિંગ પ્રોગ્રામ) ની શરૂઆત થઈ છે. સદર તાલીમ કાર્યક્રમ આજના યુગના એક સૌથી અગત્યના વિષય ''રીન્યુએબલ એનર્જી ફોર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ'' પર યોજાઇ રહ્યો છે. આ તાલીમ કાર્યક્રમને આઈ.એસ.ટી.ઈ., ન્યુ દિલ્હી અને કમિશનરશ્રી ટેકનિકલ એજ્યુકેશન, ગાંધીનગર ની મંજૂરીથી યોજવામાં આવી રહ્યો છે. જેમાં ગુજરાત રાજયની અલગ અલગ સરકારી ઈજનેરી કોલેજો અને પોલિટેકનિક માંથી ૨૦ કરતા વધુ પ્રધ્યાપકો ભાગ લઈ રહ્યા છે. આ તાલીમ કાર્યક્રમમાં ગુજરાતની નામાંકિત ટેકનોલોજી સંસ્થાઓમાંથી અલગ- અલગ વિષય નિષ્ણાતો ઉપસ્થિત રહી સહભાગીઓને ''સસ્ટેનેબલ ડેવલપમેન્ટ'' ના અદ્યતન અને નવીનતમ ટેકનોલોજી ના વિષયો પર માર્ગદર્શન આપવાનાં છે. સદર તાલીમ કાર્યક્રમનું ઉદઘાટન સત્ર શ્રી આશિષકુમાર, માનનીય કલેકટર, પંચમહાલ ગોધરાના મુખ્ય મહેમાન પદે, સરકારી પોલીટેકનિક ગોધરાના, શહીદ ભગતસિંહ ઓડિટોરિયમ ખાતે આજરોજ યોજાયેલ હતું. જેમાં અતિથિ વિશેષ તરીકે પ્રોફેસર એ. કે. પટેલ, આચાર્ય,સરકારી ઈજનેરી કોલેજ ગોધરા તથા પ્રોફેસર સદાનંદ નામજોશી, પોલિટેકનિક, એમ. એસ. યુનિવર્સિટી, બરોડા ખાતેથી ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય મહેમાન પદેથી ઉપસ્થિત રહેલ કલેક્ટર દ્વારા સહભાગીઓ અને વિદ્યાર્થીઓને વિકસિત ભારતના નિર્માણ માટે સસ્ટેનેબલ એનર્જી અને રીન્યુબલ એનર્જી ની જરૂરિયાત વિશે, પર્યાવરણના રક્ષણમાં પુનઃપ્રાપ્ય ઉર્જા ના ઉપયોગ વિશે સરકારશ્રીની ''પ્રધાનમંત્રી સૂર્યઘર'' યોજના વિશે તથા વર્ષ ૨૦૩૦ સુધીમાં ૨૦૦ ગીગા વોટ રીન્યુએબલ એનર્જીર્ના ઉત્પાદન માટે સરકારશ્રીના પ્રયાસોની જાણકારી આપવામાં આવી હતી. અંતમાં તેઓશ્રી દ્વારા તમામ સહભાગીઓને સદર પાંચ દિવસની તાલીમનો મહત્તમ લાભ લેવા અને રીન્યુબલ એનર્જીર્ના નિર્માણ માટે એક વિચાર બીજ સાથે જવા આહવાહન કરવામાં આવ્યું હતું.

# અંકિતા પટેલે ''આદિવાસી વિસ્તારમાં સ્થાળાંતરની સ્થિતિ અને સમસ્યા'' ઉપર મહાનિબંધ રજુ કરી પીએચ.ડી. ની ડીગ્રી મેળવી



હાલોલ,

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી વિંઝોલમાં સમાજશાસ્ત્ર વિષયમાં ડો. કામિનીબેન દશોરાના માર્ગદર્શન હેઠળ ''આદિવાસી વિસ્તારમાં સ્થાળાંતરની સ્થિતિ અને સમસ્યા (પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના સંદર્ભમાં)'' પર મહાનિબંધ રજૂ કરીને અંકિતા પટેલે પીએચ.ડી.ની ડીગ્રી પ્રાપ્ત કરી છે.અંકિતા પટેલ લુણાવાડાના નાના ગામ મઠની મુવાડીની વતની છે અને તેઓ છેલ્લા સોળ વર્ષથી પ્રાથમિક શિક્ષક તરીકે ફરજ બજાવે છે. તેઓ બે બાળકોની માતા છે અને સમાજમાં પોતાની જવાબદારી પૂરી પાડતા આ મહત્વપૂર્ણ સિદ્ધિ મેળવી છે. તેમના આ સિદ્ધિ બદલ લુણાવાડાના બેતાલીસ પાટીદાર સમાજે ગર્વ લાગણી અનુભવી છે.

# સ્વામી વિવેકાનંદજી ગુજરાત રાજય યુવા બોર્ડ દ્વારા સરસ્વતી વિદ્યામંદિર ખાતે રમોત્સવનું આયોજન કરાયુ

કાલોલ,

''યુવાઓને આકર્ષતું આયોજન એટલે સ્વામી વિવેકાનંદ રમતોત્સવ''મહાન આદયાત્મિક ગુરુ અને યુગપ્રવર્તક સ્વામી વિવેકાનંદજી ની જયંતી તથા રાષ્ટ્રીય યુવા દિવસના ઉપલક્ષમાં સ્વામી વિવેકાનંદજી ગુજરાત રાજય યુવા બોર્ડ કાલોલ નગર દ્વારા આજરોજ સરસ્વતી વિદ્યામંદિર ખાતે રમોત્સવનું આયોજન કરવામાં આવ્યું જેમાં સરસ્વતી વિદ્યામંદિર ના આચાર્ય રિતેશભાઈ પંડયા અને નગર સંયોજક કૌશલ ઉપાદયાય તેમજ વિરુભાઈ રાઠોડ હાજર રહ્યા.